₹ ૧૫/-

## અગ્નિ પથ
### (વૈદિક ઋષિઓનો યોગ)



# પ્રભુ અર્પણ

જાન્યુઆરી - ૨૦૧૭

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

આપણી સર્વ સમૃદ્ધિને, કાર્યોને ઉચ્ચતર અસ્તિત્વની શક્તિઓને સમર્પિત કરવાં તે આપણો યજ્ઞ છે. સમગ્ર વિશ્વ એક મૂક નિરાધાર યજ્ઞ છે, જેમાં અદૃશ્ય દેવોને આપવાના બલિ તરીકે આત્માને પાશો વડે બાંધવામાં આવ્યો છે. તેને મુક્ત કરનાર શબ્દ શોધી કઢાવો જોઈએ, માનવના હૃદયમાં તથા મનમાં પ્રકાશક સૂક્તની રચના થવી જોઈએ, અને તેના જીવનનું સભાન અને સ્વૈચ્છિક આહુતિરૂપે રૂપાંતર થવું જોઈએ, જેમાં આત્મા બલિ-પશુ તરીકે ન રહે પણ યજ્ઞનો સ્વામી બને.

(વેદનું રહસ્ય - ભાગ પહેલો - પૃ.૨૯)

સત્ય તો સ્વયંપ્રકાશ છે. જગત ઉપર તેને લાદવાનું નથી. સત્યને કદી થતું નથી કે માણસો મારો સ્વીકાર કરી લે. કારણ કે એ પોતે જ સ્વયંભૂ, સ્વયંસિદ્ધ છે. સત્ય કાંઈ લોકોની માન્યતા ઉપર કે તેમના અનુસરણ ઉપર જીવતું નથી.

શ્રી માતાજી

# પ્રભુ
# અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

જાન્યુઆરી – ૨૦૧૭ વર્ષ : ૦૩ અંક : ૦૧

# અનુક્રમ

## અગ્નિ પથ


| | |
|---|---|
| વેદોને શોધી કાઢવા | ૦૫ |
| યજ્ઞનો માર્ગ | ૧૨ |
| થોડાં વૈદિક પ્રતીકો | ૧૭ |
| વેદોમાં દેવો અને દેવીઓ | ૨૧ |
| વેદોમાં રહેલાં મૂળભૂત સત્યો | ૨૯ |

*

| | |
|---|---|
| વૃત્ત વિશેષ | ૩૨ |


**તંત્રી નોંધ :** ...વેદોને યોગ્ય રીતે જ 'શ્રુતિ' એટલે કે 'પરમાત્માનો સાંભળવામાં આવેલો અવાજ' કહેવામાં આવે છે. આ બધામાંથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ ફળદ્રુપતા દેતો વરસાદ છે કે જે દિવ્ય સત્યના છોડને પોષણ આપે છે અને તેનું સંવર્ધન કરે છે, બ્રાહ્મણગ્રંથો વન છે જ્યાં આ છોડ મળી આવે છે, આરણ્યકગ્રંથો જમીન છે જેમાં તે છોડ ઊગે છે, ઉપનિષદો છે છોડ પોતે — મૂળિયાં, દાંડો, પાંદડાં, પ્યાલાકાર કળી અને પાંખડીઓ — તથા એકવાર અને સદાયને માટે ખીલેલું જે પુષ્પ છે તે છે પેલું મહાવાક્ય सोऽहम्– હું તે પરમાત્મા છું — જે ઉપનિષદો — ની પરાકાષ્ઠા છે. (CWSA : 17 : 102, Sri Aurobindo)

ભારતના મહાન દ્રષ્ટાઓએ સંસ્કૃતિના ઉષઃકાળે માનવ હૃદયમાં આવાં બીજ રોપ્યાં હતાં. આપણા પુરાણા પૂર્વજોની આવી મહાન શોધખોળોને આ અંક અમે સમર્પિત કરીએ છીએ.

# વેદોને શોધી કાઢવા

**અગમ્યતાઓનો યુગ**

....લગભગ સર્વ સ્થળે એક અગમ્યતાઓનો યુગ હતો જેમાં ગભીરતર જ્ઞાન અને આત્મજ્ઞાન ધરાવતા મનુષ્યોએ પોતાની આચરણની પદ્ધતિઓ, મહત્ત્વની ધાર્મિક વિધિઓ, પ્રતીકો, ગુપ્ત પરંપરાગત કથાઓને અંતરમાં અથવા તો વધુ પ્રાથમિક એવા બાહ્ય ધર્મોની સીમાઓ પર પ્રસ્થાપિત કરી હતી. જુદા જુદા દેશોમાં આ વસ્તુએ જુદાં જુદાં રૂપો ધારણ કર્યાં હતાં. ગ્રીસમાં Orphic અને Eleusinian અગમ્યતાઓ, ઈજિપ્ત અને કાલ્ડિયામાં પાદરીઓ અને તેમની ગૂઢ કથાઓ અને જાદૂ, પર્શિયામાં Magi અને ભારતમાં ઋષિઓ. ગૂઢવાદીઓ આત્મ-જ્ઞાન અને પ્રગાઢ વિશ્વ-જ્ઞાનમાં અન્યમનસ્ક થયા હતા. એમણે એ શોધી કાઢ્યું હતું કે માનવની અંદર એના શારીરિક સ્વરૂપની સપાટીની પૂઠળે ગભીરતમ સ્વરૂપ, આંતર સ્વરૂપ રહેલું છે. અને એ સ્વરૂપને શોધી કાઢવું, એના વિશે જાણવું એ જ મનુષ્યની ઉચ્ચોચ્ચ ફરજ બની રહે છે. 'તારી જાતને જાણ', આ જ તેમની મહત્તર સમજ હતી. જે રીતે ભારતમાં આત્માને જાણવો એ મહાન આધ્યાત્મિક જરૂરિયાત બની રહી હતી તેમ 'તારી જાતને જાણ' એ માનવ સ્વરૂપ માટે ઉચ્ચોચ્ચ ધ્યેય બની રહ્યું હતું. વિશ્વના બાહ્ય રૂપ પાછળ એ લોકોએ એક સત્ય, એક વાસ્તવિકતા રહેલી છે એવું પણ શોધી કાઢ્યું હતું. અને એ સત્યને સાક્ષાત કરવું એ એમની મહાન અભીપ્સા બની રહી હતી. એ લોકોએ પ્રકૃતિનાં એવાં રહસ્યો અને એવી શક્તિઓને શોધી નાખી હતી, જે ભૌતિક વિશ્વોની અને ભૌતિક વસ્તુઓની ન હતી; પરંતુ જે ભૌતિક વિશ્વ અને ભૌતિક વસ્તુ ઉપર ગૂઢ પ્રભુત્વ સ્થાપી શકે અને ગૂઢ જ્ઞાનને તથા એ શક્તિને તંત્રબદ્ધ કરવાં એ પણ એમના મુખ્ય કાર્યોમાંનું એક કાર્ય હતું. અલબત્ત, આ સર્વ સુરક્ષિતપણે કરી શકાય મુશ્કેલ અને કાળજીપૂર્વકની પ્રકૃતિની તાલીમ, શિસ્ત અને શુદ્ધિકરણ દ્વારા. સામાન્ય માનવી આમ કરી શકે નહિ. માણસો જો આ ક્ષેત્રોમાં કડક કસોટી અને તાલીમ વગર પ્રવેશે તો એ વસ્તુ તેમને માટે તેમ જ અન્ય લોકો માટે જોખમકારક બની રહે. આ જ્ઞાન, આ શક્તિઓનો દુરુપયોગ થઈ શકે, એનું ખોટું અર્થઘટન થઈ શકે, એને સત્યમાંથી જુઠાણામાં ફેરવી લઈ શકાય, સારામાંથી ખરાબમાં એને લઈ જઈ શકાય છે. આ કારણસર જ કડક ગુપ્તતા જાળવવામાં આવતી હતી. અને એ જ્ઞાન પડદા પાછળ ગુરુ દ્વારા શિષ્યને આપવામાં આવતું હતું. પ્રતીકોનો પડદો તૈયાર કરવામાં આવતો હતો, જે પડદા પાછળ આ અગમ્યતાઓ આશરો લઈ શકે. વાણીની એવી સંજ્ઞાઓ પણ તૈયાર કરવામાં આવતી હતી જેને દીક્ષિત લોકો જ સમજી શકે. અન્ય લોકો કાં એને સમજી શકતા નહિ અથવા તો તેઓ એને બાહ્ય રીતે જ સમજી શકતા, કે જેથી એનો સાચો અર્થ અને રહસ્ય આવરણ હેઠળ જ રહેતું હતું.

(CWSA 16 : 5-6)

### વેદો છે માનવજાતિના પ્રેરણાત્મક યુગનાં સર્જનો

વેદ આપણાં બૌદ્ધિક તત્ત્વચિંતનોની પહેલાંના જમાનાની રચના છે. તે મૌલિક યુગમાં વિચાર આપણી તાર્કિક પદ્ધતિ કરતાં બજી પ્રક્રિયાથી આગળ વધતો અને વાણી અભિવ્યક્તિ માટે એવી ધાટી સ્વીકારતી, કે જે આપણી આધુનિક ટેવોને અપરિચિત હોવાથી અસ્વીકાર્ય બની જાય. તે સમયના જ્ઞાનીઓ માનવજાતિના સામાન્ય સંસ્કારો તથા દૈનિક ક્રિયાઓને અગોચર જ્ઞાન માટે આંતર-અનુભૂતિ ઉપર અને આંતરદર્શનાનાં સૂચનોથી પૂર્ણ મન ઉપર આધાર રાખતા. તેમનો હેતુ પ્રકાશ પ્રાપ્ત કરવાનો હતો, તાર્કિક નિશ્ચય નહિ. તેમનો આદર્શ આંતર પ્રેરણાવાળો ઋષિ હતો, ચોક્કસ તર્કો કરતો ન્યાયશાસ્ત્રી નહિ. ભારતીય પરંપરાએ વેદના ઉદ્‌ગમની આ કથાને વફાદારીપૂર્વક સાચવી રાખી છે. ઋષિ, સૂકતનો વ્યક્તિગત રચયિતા ન હતો, પણ સનાતન સત્યનો તથા બિન-અંગત જ્ઞાનનો દ્રષ્ટા હતો. વેદની ખુદ ભાષા શ્રુતિ છે, બુદ્ધિ વડે રચાયેલો નહિ પણ આંતર શ્રુતિ દ્વારા સંભળાયેલો છંદ છે. તે દિવ્ય શબ્દ અનંતમાં સ્પંદન કરતો કરતો તે માણસના આંતર શ્રવણ પર આવી અથડાતો, કે જે માણસે પોતાની જાતને બિન-અંગત જ્ઞાનને સ્વીકારવા માટે પહેલાં તૈયાર — યોગ્ય કરી હોય. દૃષ્ટિ અને શ્રુતિ વેદના શબ્દો છે. સૂક્તોના આંતરિક અર્થોનું વહન કરતા શબ્દોમાં દૃષ્ટિનો અર્થ થાય છે આંતરદર્શના અને શ્રુતિનો અર્થ થાય છે આંતરપ્રેરણાના શબ્દમાં રહેલું સત્ત્વ-તત્ત્વ.

(વેદનું રહસ્ય ૧-૪૫)

*

### વેદાન્ત : ઉપનિષદો અને બ્રાહ્મણો

બ્રાહ્મણો અને ઉપનિષદોએ તે પવિત્ર સંહિતાને અને યજ્ઞકાંડને આરંભબિંદુ તરીકે સ્વીકારીને, આધ્યાત્મિક વિચારણા અને અનુભૂતિની નવીન વાચના કરવા પ્રયત્ન કર્યો, તે બંને ગ્રંથો એક બળવાન નવીનીકરણનો દસ્તાવેજ છે. આ પ્રવૃત્તિને બે પરસ્પર-પોષક બાજુઓ હતી — એક સ્વરૂપો જાળવી રાખવાની અને બીજી વેદના આત્માની આંતરદર્શનાની. પહેલી બાજુ[૧] બ્રાહ્મણોમાં જોવા મળે છે અને બીજી બાજુ ઉપનિષદોમાં.

બ્રાહ્મણો વૈદિક વિધિઓની ઝીણી વિગતોને સુનિશ્ચિત કરવા માટે તથા સાચવી રાખવા માટે અથાક પરિશ્રમ કરે છે; તે ગ્રંથો ભૌતિક અસરકારકતાની શરતો, તેમના જુદા જુદા ભાગોનો પ્રતીકમય અર્થ તથા હેતુ, ગતિઓ, સાધનો, વિધિમાં જરૂરી મંત્રભાગોનો અર્થ, સંદિગ્ધ અને અસ્પષ્ટ ઉલ્લેખોનો લક્ષ્યાર્થ, પ્રાચીન પુરાણકથાઓની તથા પરંપરાઓની સ્મૃતિ નક્કી કરીને જાળવી રાખવાનો પ્રયત્ન કરે છે. તેમાંનાં ઘણાં કથાનકો સૂકતો પછી ઉદ્‌ભવેલાં

---

૧. આ પ્રકરણમાં આવતાં આ અને બીજાં વિધાનો કેટલાંક મુખ્ય વલણોને ટૂંકમાં અને વ્યાપક રીતે રજૂ કરે છે. દાખલા તરીકે, બ્રાહ્મણોમાં પણ કેટલીક તત્ત્વચિંતનની કંડિકાઓ છે.

છે, સમજી ન શકાય તેવા ભાગોને સમજાવવા તે પાછળથી ઉપજાવી કાઢેલાં છે. તેમાંનાં કેટલાંક કથાનકો મૂળ પુરાણકથાઓ અને રૂપકો — જેમનો ઉપયોગ પ્રાચીન રૂપકકારોએ અને પ્રતીકકારોએ કર્યો હતો, તેમનાં વાહનો હોય તેવો સંભવ છે; અથવા તો સૂકતોના રચનાકાલના ઐતિહાસિક સંયોગોની સ્મૃતિઓ પણ હોઈ શકે. મૌખિક પરંપરાનો પ્રકાશ હંમેશાં અસ્પષ્ટતા સરજાવે છે. અડધાં ભુલાઈ ગયેલાં પ્રાચીન રૂપકો અને પ્રતીકો ઉપર કાર્ય કરતાં નવીન પ્રતીકો તેમને સ્પષ્ટ કરવાને બદલે તેમના પર નવીન થરનાં પડો જમાવે છે. પરિણામે બ્રાહ્મણોમાં કેટલાંક રસપ્રદ સૂચનો હોવા છતાં, તે આપણી સંશોધનાને બહુ સહાયક નીવડે તેવાં નથી. જ્યારે બ્રાહ્મણો તેમની નિશ્ચિત મૌખિક સમજૂતી આપવા પ્રયત્ન કરે છે ત્યારે તે ભિન્ન ભિન્ન સંહિતાભાગોનો અર્થ સમજાવવામાં સલામત ભોમિયો નથી.

ઉપનિષદોના ઋષિઓએ બીજી પદ્ધતિ અજમાવી હતી. તેમણે ખોવાઈ ગયેલા અથવા ખોવાતા જ્ઞાનને ફરી પ્રાપ્ત કરવા માટે ધ્યાન અને આધ્યાત્મિક અનુભૂતિનો આશ્રય લીધો. તેમણે પ્રાચીન મંત્રોને પોતાની આંતરપ્રેરણા તથા દર્શના માટે ટેકા રૂપે અથવા પ્રમાણ રૂપે લીધા; અથવા વૈદિક શબ્દને તેમણે પોતાની વિચારણા તથા દર્શનાના બીજ રૂપે સ્વીકાર્યો, અને તે રીતે તેમણે જૂનાં સત્યોને નવીન સ્વરૂપોમાં પ્રાપ્ત કર્યાં. જે તેમણે શોધી કાઢ્યું, તે તેમણે પોતાનો યુગ સમજી શકે તેવી ભાષામાં અભિવ્યક્ત કર્યું. એક રીતે જોઈએ તો સંહિતાભાગનો તેમણે જે રીતે ઉપયોગ કર્યો, તે તદ્દન હેતુરહિત, સ્વાર્થરહિત ન હતી. પંડિતો જે ઝીણવટભરેલી ઇચ્છાથી શબ્દોનો સુનિશ્ચિત આશય કે અર્થ શોધી કાઢવા પ્રયત્ન કરે છે, અને વાકયોના સંદર્ભમાં તેમાંના સુનિશ્ચિત વિચારને શોધવા પ્રયત્ન કરે છે, તે તેમની પદ્ધતિ ન હતી. તેઓ શાબ્દિક સત્ય કરતાં કોઈ ઉચ્ચતર મહાન સત્ય શોધી રહ્યા હતા. પોતે જે પ્રકાશ શોધી કાઢવા મથતા હતા, તેના માત્ર સૂચન તરીકે તેમણે શબ્દોનો ઉપયોગ કર્યો. શબ્દવ્યુત્પત્તિથી પ્રાપ્ત થતા અર્થને કાં તો તેઓ જાણતા નહિ, અથવા તો તે પ્રત્યે તેઓ બેદરકાર હતા. ઘણી વાર તેઓ અર્થ કાઢવા તે શબ્દના અંગભૂત ધ્વનિઓને પ્રતીકમય રીતે સમજાવે છે, જે સમજવું બહુ મુશ્કેલ છે. પરિણામે ઉપનિષદો પ્રાચીન ઋષિઓના મુખ્ય વિચારો પર તથા તેમની માનસશાસ્ત્રીય પદ્ધતિ પર બહુ કીમતી પ્રકાશ નાખતાં હોવા છતાં, જે વેદના સંહિતાભાગનું તેઓ ઉદ્ધરણ કરે છે તેના સુનિશ્ચિત અર્થનો નિર્ણય કરવામાં તે બ્રાહ્મણોની પેઠે સહાયક નીવડતાં નથી. તેમનું સાચું કામ વેદાંતની સ્થાપના કરવાનું હતું, વેદનો અર્થ કરવાનું નહિ.

આ મહાન પ્રવૃત્તિનું પરિણામ વિચારણા અને આધ્યાત્મિકતાના નવીન અને વધારે સ્થાયી તથા સબળ વિધાનમાં આવ્યું; વેદમાંથી વેદાન્તનો ઉદ્‌ગમ થયો.

(વેદનું રહસ્ય-ભાગ પહેલો - ૪૯-૫૦)

*

### શ્રુતિ અને સ્મૃતિ

પુરાણ સમયમાં વેદ પ્રજ્ઞાના પવિત્ર ગ્રંથ તરીકે પૂજાતો હતો. પ્રેરિત કવિતાનો મહાન સમૂહ, ઋષિઓનું, સંતોનું સાધુઓનું કવિ કર્મ, જે લોકોએ પોતાના પ્રકાશિત મનમાં મહાન વૈશ્વિક, શાશ્વત અને બિનંગત સત્ય પ્રાપ્ત કર્યું હતું. (મનોમય રચનાઓ નહિ) અને તે સત્યને મંત્રોમાં, શક્તિની પ્રકટેલી કાવ્યપંક્તિઓમાં તેઓએ મૂર્ત સ્વરૂપ આપ્યું હતું. એનું મૂળ, એની પ્રેરણા સામાન્ય નહિ દિવ્ય પ્રકારનાં હતાં. એ સંતોને કવિ નામ આપવામાં આવ્યું હતું. (પાછળથી કવિ શબ્દ કોઈ પણ કાવ્યરચના કરનાર માટે વપરાવા લાગ્યો.) પરંતુ પુરાણ સમયમાં કવિ એટલે સત્યનું દર્શન કરનાર ઋષિ એવો અર્થ થતો હતો. વેદ એવા લોકોને **काव्यः सत्य श्रुतः** તરીકે વર્ણવે છે. ઋષિઓ જે સત્યનું શ્રવણ કરે છે. અને વેદને જ શ્રુતિ કહેવામાં આવ્યા હતા. એવો શબ્દ, જેનો અર્થ થાય છેઃ પ્રકટ થયેલ ધર્મગ્રંથ. ઉપનિષદના ઋષિઓનો પણ વેદ માટે આ જ અભિપ્રાય હતો. (CWSA 16 : 3)

### વાણીનું ગૂઢ અને અગમ્ય રૂપ

ઘણી બધી પંક્તિઓ, વેદના ઘણા બધા સમગ્ર સ્તોત્રો ગૂઢાર્થવાળા હોય છે. સ્પષ્ટતયા એ સ્તોત્રો વાણીનું ગૂઢ રૂપ છે. એમના આંતરિક અર્થ હોય છે. ઋષિ જ્યારે અગ્નિને સત્યના પ્રકાશમાન પાલક તરીકે સંબોધે છે, (જે પોતાના જ ધામમાં ઝળહળે છે) અથવા તો મિત્ર કે વરુણ કે અન્ય દેવ વિશે જણાવે છે કે જે સત્ય સાથે સંપર્કમાં હોય છે અને જે સત્યનો વિકાસ સિદ્ધ કરે છે, અથવા તો સત્યની અંદર જન્મ પામેલ હોય છે ત્યારે આ બધા શબ્દો ગૂઢ કવિના શબ્દો બની રહે છે. જે કવિ વસ્તુઓ પૂઠળ રહેલા આંતર સત્યની જ વાત કરે છે, જે સત્યના અગાઉના સંતો સાધક હતા. એ કવિ અગ્નિના બાહ્ય તત્ત્વ ઉપર આધિપત્ય ધરાવતી પ્રકૃતિ-શક્તિની વાત કરતા હોતા નથી, નથી એ ધાર્મિક વિધિના યજ્ઞની વાત કરતા... તેઓ સરસ્વતી વિશે જણાવે છે તે એ રીતે કે જે સત્ય શબ્દો જણાવે છે અને યોગ્ય વિચારણા જન્માવે છે, અથવા જે વિચારથી સમૃદ્ધ છે. ... નદી નહિ પણ શક્તિનું સ્તોત્ર ઋષિ રચે છે, નદી શબ્દ તમે લેવા માગતા હો તો એ પ્રેરણાની નદી, પ્રેરણાના પ્રવાહ તરીકે, સ્થૂળ નદી નહિ...

(CWSA 16 : 12-13)

### દ્વિઅર્થી શબ્દોનો વૈદિક ઋષિઓ દ્વારા ઉપયોગ

તેમની રચનાઓના અર્થને પ્રતીકો તેમ જ પ્રતીકાત્મક શબ્દોનો બુરખો પહેરાવવાની જરૂરિયાતના દબાણ હેઠળ — કારણ એ જ કે ગુપ્તતા જાળવવાની હતી — ઋષિઓએ નિશ્ચિત દ્વિઅર્થી શબ્દોનો ઉપયોગ કર્યો હતો, સંસ્કૃત ભાષામાં આ તરકીબ સહેલાઈથી પ્રયોજી શકાય એમ છે. કારણ સંસ્કૃત ભાષામાં ઘણી વખત એક શબ્દના અનેક જુદા જુદા અર્થો થતા હોય છે. પરંતુ અંગ્રેજી ભાષાંતરમાં એ સંસ્કૃત શબ્દોનો પર્યાય રજૂ કરવો તે મુશ્કેલ અને લગભગ

અશક્ય હોય છે. આમ COW, ગાય શબ્દ માટે **ગો**, શબ્દ સંસ્કૃતમાં છે, જેનો અર્થ થાય છે પ્રકાશ કે પ્રકાશનું કિરણ. આ **ગો** શબ્દ અમુક ઋષિઓના નામમાં પણ જોવામાં આવે છે. ગૌતમ, એકદમ તેજસ્વી, ગવિસ્થિર, પ્રકાશમાં સ્થિર. વેદની ગાયો એ સૂર્યનાં ધણો છે, ગ્રીક દંતકથા અને રહસ્યમાં આ પ્રચલિત છે : સત્ય, પ્રકાશ અને જ્ઞાનના સૂર્યનાં કિરણો. અમુક ફકરાઓમાં આ અર્થ પ્રકટ થાય છે અને એને સુસંગતપણે સર્વ સ્થળે લાગુ કરી શકાય છે.

(CWSA 16 : 13-34)

## વેદોના ઋષિઓ

પહેલાના સમયથી ભારતમાં એ પ્રથા રહેલી છે કે ઋષિઓ, વેદના કવિ-દ્રષ્ટાઓ, એ પ્રકારના માનવો હતા, જેમની પાસે મહાન આધ્યાત્મિક તેમ જ ગૂઢ જ્ઞાન હતું — જે જ્ઞાન સામાન્ય માનવો પાસે ન હતું — અને એ ઋષિઓએ આ જ્ઞાન અને પોતાની શક્તિઓ ગુપ્ત દીક્ષા દ્વારા એમના વંશજો કે પસંદ કરાયેલા શિષ્યોને આપ્યું હતું....

ઉપનિષદોના સમયમાં પણ એ યુગના આધ્યાત્મિક અભીપ્સુઓને ઋષિઓના રહસ્યમય જ્ઞાનમાં ઊંડા ઊતરવા માટે દીક્ષા તેમ જ ધ્યાનની પ્રક્રિયાનો આશરો લેવો પડતો હતો....

વૈદિક ઋષિઓની એ માન્યતા હતી કે એમના મંત્રો ચેતનાના છુપાયેલાં ઊર્ધ્વ સ્તરોઓથી પ્રેરણા વડે પ્રગટ થયા હતા અને એ મંત્રો આ રહસ્યમય જ્ઞાનને પોતાની અંદર સમાવતા હતા. વેદોના શબ્દોનો સાચો અર્થ એ જ વ્યક્તિ પામી શકે, જે પોતે જ દ્રષ્ટા હોય કે ગૂઢવાદી હોય. અન્ય લોકો સમક્ષ એ કડીઓ પોતાનું ગુપ્ત જ્ઞાન છુપાવી રાખતી હતી. (CWSA 16 : 6-8)

## વેદોના ઋષિઓ ઉચ્ચતર પ્રદેશોમાંથી આવેલાં સત્ત્વો હતાં

**પ્રશ્ન : માતાજી, વૈદિક ઋષિઓ તે સ્થિતિમાં ઉત્ક્રાંત થયા હતા કે તેઓ ખાસ આવિર્ભાવો હતા ?**

તમારો કહેવાનો શો અર્થ છે ? તેઓ ઉત્ક્રાંતિ પામેલા મનુષ્યો હતા કે અવક્રાંતિ પામેલા ?

તેઓ ચોક્કસ અવક્રાંત મનુષ્યો હતા. પણ શરીર ઉત્ક્રાંતિનું પરિણામ હતું.

પણ એ વાત તદ્દન નિશ્ચિત છે કે તેઓ અવક્રાંત સત્ત્વો અર્થાત્ ઉચ્ચતર પ્રદેશોમાંથી આવેલાં સત્ત્વો હતા, જે સત્ત્વોએ તેમનાં શરીરો સાથે તાદાત્મ્ય કરીને તે શરીરોનો ઉપયોગ કર્યો હતો.

મેં પહેલાં કહ્યું હતું કે જે શરીરો પૂરતા પ્રમાણમાં પરિપૂર્ણ બન્યાં હતાં કે જેથી ઉચ્ચતર પ્રદેશોમાંથી આવેલાં સત્ત્વો તેમનામાં અવતરીને તેમનો ઉપયોગ કરી શકે તેમણે પાર્થિવ અને માનવી વિકાસના માર્ગને પરિવર્તિત કર્યો છે. એ સ્પષ્ટ લાગે છે કે જો બધા નહિ તો, નેતા ઋષિઓ, આગેવાન ઋષિઓ તે પ્રકારનાં સત્ત્વો હતાં. પણ ઘણું કરીને તેમણે એક જૂથ રચ્યું હતું, જેને તેનો પોતાનો સાક્ષાત્કાર પ્રાપ્ત થયો, પરિસ્થિતિથી ખૂબ સ્વતંત્ર રીતે. જો મળેલી માહિતી સાચી હોય, તો તેઓ ખૂબ એકાંતમાં જીવતા હતા.

વેદના કવિઓ સિદ્ધહસ્ત કલાસ્વામીઓ હતા, તેમના છંદોલય દેવોના રથની જેમ અલંકૃત છે અને નાદની દિવ્ય અને વિશાળ પાંખો પર વહન થાય છે, એકીસાથે એકાગ્રીભૂત અને વિશાળ વ્યાપ્તિવાળા છે, ગતિક્રિયામાં બૃહદ અને મૂર્છનામાં સૂક્ષ્મ છે; તેમની વાણી ઉત્કટતાની દૃષ્ટિએ ઊર્મિશીલ કાવ્ય છે, ઉચ્ચતાની દૃષ્ટિએ મહાકાવ્યશીલ છે, એ એક એવો ઉદ્‌ગાર છે જેમાં મહાન બળ છે, એની રૂપરેખા શુદ્ધ, દૃઢ અને તેજસ્વી છે. એના ઉદ્‌ગાર પ્રભાવમાં સીધેસીધા અને સંક્ષિપ્ત ભાવાર્થમાં અને સૂચનમાં છલકાતા છે, જેને લઈને પ્રત્યેક સૂક્ત એકીસાથે સ્વયંપર્યાપ્ત અને બળશાળી થઈને રહે છે. અને જે પહેલાં હતું અને જે આવનાર છે તેની વચ્ચે એક મોટા પગથિયાનું સ્થાન લે છે. એક પવિત્ર અને પુરોહિતપણાની પરંપરાને પ્રમાણિકપણે અનુસરવાને કારણે તેમને રૂપ અને તત્ત્વ એમ બન્ને મળ્યાં; પરંતુ આ તત્ત્વ એટલે મનુષ્યનો આત્મા જેને માટે શક્તિશાળી છે એવી ગહનતમ ચૈત્ય અને આધ્યાત્મિક અનુભૂતિઓનો સમાવેશ. અને રૂપો ભાગ્યે જ કે કદાપિ રૂઢિમાં અવનતિને પામતાં નહિ; કારણ કે, તે દ્વારા જે કાંઈ પહોંચાડવાનો ઉદ્દેશ હતો તેને પ્રત્યેક કવિ પોતામાં ઉતારતો અને પોતાના વ્યક્તિગત દર્શનની સૂક્ષ્મતાઓથી કે મહત્તાઓથી, અભિવ્યક્તિમાં પોતાના મનને માટે નવીન કરી લેતો. વિશ્વામિત્ર, વામદેવ, દીર્ઘતમસ અને એવા ઘણા મહાન ક્રાંતદર્શીઓના ઉદ્‌ગારો રહસ્યવાદી તેમ જ ભવ્ય કવિતાની અત્યંત અસાધારણ ઊંચાઈઓને અને વિસ્તારોને સ્પર્શ્યા છે; અને સૃષ્ટિની ઋચા (Hymn of Creation) જેવાં કાવ્યો વિચારનાં શિખરો પર એવી શક્તિશાળી વિશુદ્ધિમાં વિચરી રહ્યાં છે, જેના પર ઉપનિષદો નિરંતર પોતાના શ્વાસને અવિરતભાવે ટકાવી રાખીને જીવે છે. જ્યારે જ્યારે પ્રાચીન ભારતીય માનસે પોતાનાં તત્ત્વજ્ઞાન, ધર્મ અને સંસ્કૃતિનાં આવશ્યક તત્ત્વોને આ આર્ય કવિઓનાં મૂળ પ્રત્યે ચીંધ્યાં છે, ત્યારે ત્યારે તેણે ભૂલ નથી ખાધી. કારણ કે, આ પ્રજાની ભાવિ આધ્યાત્મિકતા બીજ રૂપે કે પ્રથમ અભિવ્યક્તિ રૂપે ત્યાં જ સમાયેલી છે. (CWSA 20 : 326-27)

## વેદ મંત્રો

વેદના કવિઓ મંત્રને આ રીતે સમજતા હતા કે તે પ્રેરણાયુક્ત, આવિષ્કારયુક્ત દર્શના અને દર્શનાવાળી વિચારણા છે. તેની સાથે સાથે, જો આપણે આ ભારેખમ પણ જરૂરી આધુનિક શબ્દ વાપરીએ તો ભગવાનના કોઈક અંતરતમ સત્યનો, આત્માના, માનવના, પ્રકૃતિના, વિશ્વના, જીવનના, વસ્તુના, વિચારના, અનુભૂતિના અને ક્રિયાના કોઈ અંતરતમ સત્યનો સાક્ષાત્કાર પણ હોય છે. તે મહાન આત્મછંદની (‘છંદસ્’) પાંખો પર ઊડતી ઊડતી આવતી વિચારણા હતી. કારણ કે દર્શનાને શ્રુતિથી જુદી પાડી શકાય નહિ, તે બંને એક જ ક્રિયા હતી. તે બંનેથી સાક્ષાત્કારને જુદો પાડી શકાય નહિ, કારણ કે સાક્ષાત્કાર એટલે સત્યને પોતામાં જીવવું તે. સાક્ષાત્કાર આત્મામાં રહે છે અને સ્રષ્ટાના અથવા માનવી વાહનના મન પર તેણે લીધેલો કબજો, આંતર દર્શના અને શ્રુતિ, જે તેજોમય શબ્દનો આકાર ધારણ કરે છે, તેનો તે પુરોગામી હોય અથવા સહચર હોય. (ભાવિ કવિતા ૨૧૫-૧૬)

મંત્ર હૃદયમાં જન્મે છે, અને જોયેલું સત્ય જે સનાતનનું મુખ અથવા તો રૂપ છે, તે સનાતનના દેવ માટે તે મંત્ર હોય તો કવિ-દ્રષ્ટાના યોગ્યતાવાળા શ્રોતાના મનમાં પણ આ ત્રણ વસ્તુઓ એકીસાથે પ્રગટવી જોઈએ. એક તો અંતરતમ સત્યનું દર્શન શ્રવણની સાથે થવું જોઈએ. બીજું, શબ્દના છંદોમય સંદેશની સાથેસાથે, અથવા તો તેની તરત જ પાછળ, તેનો આંતર આત્મા મનનો કબજો લે અને અંદર ઘર કરી જાય. અને ત્રીજું, મનને સત્યનું દર્શન થાય. આ વર્ણન ગૂઢ અને રહસ્યમય લાગવા સંભવ છે. પણ તાત્ત્વિક રીતે, પ્રેરણામય આવિષ્કારક શબ્દના જન્મ તથા અસરનું આના કરતાં વધારે સંપૂર્ણ વર્ણન ભાગ્યે જ આપી શકાય. વેદના ઋષિઓના આશય કરતાં નીચલા ધોરણ ઉપર, આ જ વસ્તુઓ આપણે સાચી મહાન કવિતાના બધા જ ઉત્તમ ઉદ્ગારોને લાગુ કરી શકીએ. પણ કવિતા ત્યારે જ મંત્ર બને છે, કે જ્યારે તે અંતરતમ સત્યનો અવાજ હોય, અને તે સત્યના યથાર્થ છંદની અને વાણીની ઉચ્ચતમ શક્તિ દ્વારા તેને કલેવર પ્રાપ્ત થાય. વેદના તથા ઉપનિષદોના પ્રાચીન કવિઓ મંત્રનું ઉચ્ચારણ કરવાનો દાવો કરતા હતા, કારણ કે તેઓ હંમેશાં વસ્તુઓના આ અંતરતમ ગૂઢ સત્યને જોવાનો, સાંભળવાનો અને ઉચ્ચારણ કરવાનો પ્રયત્ન કરતા, અને તેઓ એમ માનતા કે, માનવના હૃદયમાં રહેલો દિવ્ય પાવક અગ્નિ જે મેધ્ય વાણી અને આત્માનો જન્મજાત છંદ તેમને આપે છે તેનો જ તે ઉપયોગ કરતા અથવા તેમની શોધ કરતા. બીજા શબ્દોમાં કહીએ તો મંત્ર સીધેસીધો, વધારેમાં વધારે ઊર્ધ્વીકૃત, ઉત્કટતમ, વધારેમાં વધારે દિવ્ય અર્થભારવાળો, છંદોમય શબ્દ છે, કે જે આંતરદર્શનાજન્ય અને આવિષ્કારક પ્રેરણાને મૂર્તિમંત કરે છે અને મનમાં આત્માના દર્શનને તથા હાજરીને સ્થાપી આપે છે. વસ્તુઓની અંતરતમ વાસ્તવિકતાને, તેના સત્યને, તેના દિવ્ય આત્મસ્વરૂપોને, જીવંત સત્યમાંથી પ્રગટતા દેવોને મનમાં સ્થાપી આપે છે. અથવા આપણે એમ પણ કહી શકીએ કે તે એક એવી શ્રેષ્ઠ છંદોમય વાણી છે, કે જે દરેક સાન્ત વસ્તુને પકડી, તેના પોતાના અનંતનો પ્રકાશ અને અવાજ તેમાં લાવી આપે છે.

(ભાવિ કવિતા પૃ. ૨૧૬)

## સાચી અભીપ્સા અને મંત્ર

સાચી અભીપ્સાનું ઉદ્ગમસ્થાન મસ્તક નથી હોતું; જ્યારે એ એક વિચારના રૂપમાં વ્યક્ત થાય છે ત્યારે પણ એક જ્વાળાની માફક હૃદયમાંથી ભભૂકી ઊઠે છે. શ્રી અરવિન્દે વેદ ઉપર જે લેખો લખ્યા છે તે તમે વાંચ્યા છે કે નહિ તેની મને ખબર નથી. એ ક્યાંક એ વસ્તુ સમજાવે છે કે એ ઋચાઓ મન વડે રચવામાં આવેલી ન હતી. લોકો જેમ માને છે તેમ તે પ્રાર્થનાઓ નથી, પણ હૃદયમાંથી જ્વાળાની માફક ઊઠતી આવેગ સરખી અભીપ્સા હતી — જો કે જ્યાંથી એ વસ્તુ ઉપર ઊઠતી હતી તેને 'હૃદય' નહિ, પણ યોગ્ય શબ્દ વાપરવા હોય તો, વ્યક્તિના 'આંતર તંત્રનું કેન્દ્ર' એમ કહી શકાય. એ 'વિચારો' ન હતા, એમાં અનુભૂતિને શબ્દો વડે વ્યક્ત કરવામાં આવતી હોય એમ પણ ન હતું, પરંતુ અનુભૂતિઓ પોતે જ ચોક્કસ,

(અનુસંધાન : પૃ. ૨૦)

# યજ્ઞનો માર્ગ

**યજ્ઞનો પુરોહિત**

આમાં જરૂરી છે દિવ્ય જ્ઞાન અને દિવ્ય શક્તિ, અને તેનો આવિર્ભાવ તેમ જ સુગઠન યજ્ઞ દ્વારા સંભવે. અને જીવ મુક્ત હોય તોય, દિવ્ય જ્ઞાની કે દિવ્ય શક્તિવાળો હોય તોય, યજ્ઞના ભર્તા અને અનુમંતા ઈશ્વર પણ યજ્ઞફળના ભોક્તા હોઈ શકે, પરંતુ કર્મના કર્તા થઈ શકે નહીં. દેવતાને જ પુરોહિતરૂપે પસંદ કરીને વેદી પર તેમની સ્થાપના કરવી પડે. જ્યાં લગી દેવતા સ્વયં માનવહૃદયમાં પ્રવેશીને પ્રગટ ન થાય, પ્રતિષ્ઠિત ન થાય, ત્યાં લગી માનવને માટે દેવત્વ કે અમરત્વ અસાધ્ય ગણાય. હા, એમ ખરું કે દેવતા જાગ્રત થાય તે પહેલાં તેમને જાગ્રત કરવા માટે મંત્રદ્રષ્ટા ઋષિઓ યજમાનનું પુરોહિતપદ સ્વીકારે; જેમ કે વશિષ્ઠે અને વિશ્વામિત્રે સુદાસ, ત્રૂસદસ્યુ અને ભરતપુત્રનું હોતાપદ સ્વીકાર્યું હતું. પરંતુ દેવતાનું આવાહન કરીને વેદી પર પુરોહિત અને હોતાનું સ્થાન દેવા માટે જ તે મંત્રપ્રયોગ અને હવિઃપ્રયોગ આવશ્યક ગણાય. જ્યાં લગી અંતરમાં દેવતા જાગ્રત ન થાય ત્યાં લગી જીવને કોઈ તારી ન શકે. દેવતા જ ત્રાણકર્તા છે. દેવતા જ યજ્ઞના એક માત્ર સિદ્ધિદાતા પુરોહિત છે.

આ પ્રમાણે જ્યારે દેવતા પુરોહિત થાય ત્યારે તેમનું નામ છે અગ્નિ, તેમનું રૂપ પણ અગ્નિ છે. અગ્નિનું પૌરોહિત્ય યજ્ઞને સર્વાંગ સુંદર અને સફળ બનાવવામાં મુખ્ય ઉપાય છે, તેનો પ્રારંભ છે. આને લઈને જ ઋગ્વેદના પ્રથમ મંડળના પ્રથમ સૂક્તના પ્રથમ ઋક્‌માં અગ્નિના પૌરોહિત્યનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

*

**અગ્નિ : સર્વજ્ઞ દિવ્ય શક્તિ**

આ અગ્નિ ત્યારે કોણ છે ? અગ્‌ ધાતુનો અર્થ છે શક્તિ; એટલે જે શક્તિમાન તે અગ્નિ. વળી અગ્‌ ધાતુનો અર્થ આલોક વા જ્વાલા છે; એટલે કે શક્તિ જ્વલંત જ્ઞાનના આલોકથી ઉદ્‌ભાસિત હોય, જ્ઞાનના કર્મબલ સ્વરૂપ હોય, તે શક્તિને ધારણ કરનાર પણ અગ્નિરૂપ છે. વળી અગ્‌ ધાતુનો બીજો અર્થ તે પૂર્વત્વ કે પ્રધાનત્વ; એટલે કે જે જ્ઞાનમય શક્તિ જગતનું આદિ તત્ત્વ હોઈને જગતમાં અભિવ્યક્ત સર્વ શક્તિનું મૂળ અને મુખ્ય ગણાય, તે શક્તિને ધારણ કરનાર પણ અગ્નિ છે. તદુપરાંત અગ્‌ ધાતુનો અર્થ થાય છે નયન (પ્રચાલન); એટલે કે, જગત વગેરે સનાતન તેમ જ પુરાતન પ્રધાન શક્તિને ધારણ કરનાર જે શક્તિ જગતને નિર્દિષ્ટ માર્ગે, નિર્દિષ્ટ જવાને ધામે જવામાં અગ્રેસર થાય છે, જે કુમાર દેવસેનાના સેનાની છે, જે માર્ગમાં પ્રદર્શક બને છે, જે પ્રકૃતિની ભિન્ન ભિન્ન શક્તિને જ્ઞાનમાં, બળમાં પોતપોતાના વ્યવસાયમાં પ્રવર્તિત કરીને યોગ્ય માર્ગે સંચાલિત કરે છે, તે પણ શક્તિધર અગ્નિ છે. વેદમાં સેંકડો સૂક્તોમાં અગ્નિના આ બધા ગુણ વ્યક્ત થઈને સ્તુતિને પામ્યા છે. જગતના આદિ, તેના

પ્રત્યેક સ્ફુરણમાં પ્રવર્તમાન, સઘળી શક્તિના મૂળ અને મુખ્ય, બધા દેવતાઓના આધાર, બધા ધર્મોના નિયામક, જગતના નિગૂઢ ઉદ્દેશ્ય અને નિગૂઢ સત્યના રક્ષક આ અગ્નિ બીજું કંઈ નહિ પણ ભગવાનની ઓજઃ-તેજઃ-ભ્રાજઃ- સ્વરૂપ સર્વજ્ઞાન -મંડિત પરમ જ્ઞાનાત્મક તપઃશક્તિ છે.

સચ્ચિદાનંદનું સત્-તત્ત્વ ચિન્મય છે. સત્નું આ જે ચિત્ છે તે જ ખરી સત્ની શક્તિ છે. આ ચિદ્શક્તિ જ છે જગતનો આધાર, જગતનું આદિકારણ અને સ્રષ્ટા, જગતની નિયામક અને પ્રાણસ્વરૂપ.

*

**સનાતન સત્યને જાળવનાર અગ્નિ છે**

જગતની બહારની આકૃતિ બીજી રીતની છે. ત્યાં મુખ્ય તત્ત્વો છે અનૃત, અજ્ઞાન, અશુભ અને વિફળતા. અને તેમ છતાં બાળકને બીવરાવવા માટે ધારણ કરેલા આ મુખવટની પાછળ માતાનું મુખ છુપાયેલું છે. આ જે અચેતન જણાય છે, આ જે જડ દેખાય છે, આ જે નિરાનંદ લાગે છે એ તો માત્ર એક ઇન્દ્રજાળ છે; અંદર તો બિરાજેલા છે જગતના પિતા, જગતની માતા, જગતના આત્મા, સચ્ચિદાનંદ. આથી કરીને વેદમાં આપણા સામાન્ય ચૈતન્યને રાત્રિને નામે ઓળખવામાં આવે છે. આપણા મનનો ચરમ વિકાસ પણ જ્યોત્સ્નાથી પુલકિત તારા નક્ષત્રખચિત ભગવતી રાત્રિનો વિહાર માત્ર છે. પરંતુ આ રાત્રિના ખોળામાં તેમની ભગિની દૈવી ઉષા અનંત પ્રસૂત ભાવી દિવ્ય જ્ઞાનનો પ્રકાશ લઈને છુપાયેલી છે. પાર્થિવ ચેતનાની આ રાત્રિમાં પણ તપસ્ અગ્નિ વારંવાર જાજ્વલ્યમાન થઈને ઉષાની આભા દ્વારા પ્રકાશ પાથરે છે. આ અંધ જગતમાં તપસ્ અગ્નિ જ સત્યચૈતન્યમયી ઉષાનું જન્મ મુહૂર્ત દર્શાવે છે. પરમ દેવતાએ આ તપઃઅગ્નિને જગતમાં પ્રેર્યો છે, સ્થાપ્યો છે; પ્રત્યેક પદાર્થ તેમ જ જીવજંતુના ભીતરમાં રહ્યો રહ્યો આ અગ્નિ જ વિશ્વની સઘળી ગતિનું નિયમન કરી રહ્યો છે. ક્ષણિક અનૃતમાં આ અગ્નિ ચિરંતન સત્યનો રક્ષક છે, અચેતનમાં તેમ જ જડમાં રહીને આ અગ્નિ જ અચેતનનું નિગૂઢ ચૈતન્ય છે, જડની પ્રચંડ ગતિશક્તિ છે, અજ્ઞાનના આવરણની પાછળ રહેલું ભગવાનનું ગૂઢ જ્ઞાન અગ્નિ પોતે છે, પાપની વિરૂપતાની પાછળ રહેલી સનાતન નિષ્કલંક શુદ્ધિ અગ્નિ પોતે છે, દુઃખ અને દૈન્યના ધૂંધવાયેલા વિષાદની પાછળ રહેલો જ્વલંત વિશ્વભોગી આનંદ અગ્નિ છે, દુર્બળતા અને જડતાના મલિન વેશની પાછળ રહેલી સર્વવાહક સર્વક્ષમ પારદર્શક ક્રિયાશક્તિ અગ્નિ જ છે. આપણે જો એક વાર આ કાળા આવરણને દૂર કરીને આપણા અંતરમાં અગ્નિને પ્રજ્વલિત કરી શકીએ, પ્રકાશિત કરી શકીએ, ઉન્મુક્ત અને ઊર્ધ્વગામી કરી શકીએ, તો તે પોતે જ દૈવી ઉષાને માનવચેતનામાં આણશે અને અંતરના દેવોને જગાડીને અનૃત, અજ્ઞાન, નિરાનંદ, નિષ્ફળતા વગેરેનાં કાળાં આવરણ સેરવીને આપણને અમર બનાવશે, આપણામાં દેવભાવ ઉત્પન્ન કરશે.

*

**આપણા અંતરમાં રહેલું દેવતાનું પ્રથમ જાગ્રત રૂપ : અગ્નિ**

આપણા અંતરમાં રહેલું દેવતાનું પ્રથમ અને મુખ્ય જાગ્રત રૂપ અગ્નિ છે. તે અગ્નિને હૃદયની વેદીમાં પ્રગટાવીને તેને પુરોહિત તરીકે પસંદ કરીને, તેના સોનેરી પ્રકાશમાન જાજ્વલ્ય જ્ઞાનને, તેની સર્વદાહક અને પાવક જ્વલંત શક્તિને, અર્થાત્ તેની જ્ઞાનમય શક્તિમય જ્વલંત આગમાં આપણાં આ બધાં નાનાં નાનાં સુખદુઃખ, આપણા આ બધા સંકુચિત પરિમિત પ્રયાસો અને નિષ્ફળતાઓ, અને આપણી મિથ્યા વાતો અને મૃત્યુ, — એ સર્વે તેનામાં હોમી દઈએ. પહેલાં પુરાતન અને અનૃત ભસ્મ થવા દો, અને પછી જુઓ કે તેમાંથી નૂતન અને સત્ય ઝળહળતા સાવિત્રીરૂપે ગગનસ્પર્શી તપઃઅગ્નિમાંથી આવિર્ભાવ પામશે.

ભૂલશો મા કે આ બધું જ આપણા અંતરમાં છે. અગ્નિ, વેદી, હવિ, હોતા, ઋષિ, મંત્ર, દેવતા, બ્રહ્મનું વેદગાન, બ્રહ્મદ્વેષી રાક્ષસ અને દેવદ્વેષી દૈત્ય, વૃત્ર અને વૃત્રનો હંતા, દેવદૈત્યનું યુદ્ધ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, અંગિરા, અત્રિ, ભૃગુ, અથર્વા, સુદાસ, ત્રૂસદસ્યુ, દાસજાતિ, અને પંચનિધ બ્રહ્માન્વેષી આર્યો. આ બધું અંતરમાં છે, માનવનો આત્મા અને જગત એક છે. દૂરનું, પાસેનું, દશે દિશાઓ, બે સમુદ્રો, સાત નદીઓ, સાત ભુવન,— આ બધું માનવની અંદર છે.

*

**યજ્ઞનો માર્ગ**

આ પ્રમાણે અંતવાન અનૃતના પાશમાં સપડાયેલાં તે પાર્થિવ પ્રકૃતિનાં અનંત સત્, અનંત ચિત્ શક્તિ, અનંત આનંદ ચૈતન્યને પ્રાપ્ત કરવાની શી આશા રાખી શકાય, અને તેનો ઉપાય પણ શો હોઈ શકે ?

હા, તેનો ઉપાય છે યજ્ઞ. યજ્ઞ એટલે આત્મસમર્પણ, આત્મબલિદાન. તમે જે કાંઈ છો. તમારું જે કાંઈ છે, ભવિષ્યમાં તમારા પ્રયત્નથી કે ઇષ્ટકૃપાથી જે કાંઈ થઈ શકો, જે કાંઈ તમે કર્મના પ્રવાહમાં મેળવી શકો કે તેનો સંચય કરી શકો. એ બધું પેલા અમૃતમયને ઉદ્દેશીને હવિ અપે તપસ્ અગ્નિમાં હોમો. તમારું સર્વસ્વ તુચ્છ દાન કરશો તેના બદલામાં સર્વસ્વ અનંતની પ્રાપ્તિ થશે. યોગ યજ્ઞમાં સમાયેલો છે. યોગમાં છે અનંતતા, અમરત્વ, ભાગવત આનંદની પ્રાપ્તિ. પ્રકૃતિના ઉદ્ધારનો આ જ છે માર્ગ. ...

*

જે કાંઈ સ્થૂળ છે, જે કાંઈ સૂક્ષ્મ છે, એ બધું જ યજ્ઞમાં હવિ છે. જીવ છે યજ્ઞનો બદ્ધ પશુ. યજ્ઞના મન-પ્રાણ-દેવરૂપી ત્રિબંધનયુક્ત યૂપકાષ્ઠની સાથે જીવને બાંધીને પ્રકૃતિ દરરોજ હવન કરી રહી છે. અજ્ઞાન એ મનનું બંધન છે; દુઃખ, વાસના અને વિરોધ એ પ્રાણનાં બંધન છે અને મૃત્યુ એ દેહનું બંધન છે.

પ્રકૃતિનો ઉપાય નિર્દિષ્ટ થયો; હવે આ બદ્ધ જીવને માટે ઉપાય શો ? એ ઉપાય તે યજ્ઞ, - આત્મબલિ, આત્મદાન. પરંતુ પ્રકૃતિને અધીન થયા વગર, પ્રકૃતિ દ્વારા અપાયા વગર પોતે જ ખડા થઈને, યજમાન બનીને, બધું આપવાનું રહે છે. વિશ્વનું એક નિગૂઢ રહસ્ય એ છે કે પુરુષ જ જાણે કે યજ્ઞના દેવતા છે, પુરુષ પણ યજ્ઞની એક વસ્તુ છે. જીવન પણ પુરુષ છે. પુરુષે પોતાનાં શરીર, મન અને પ્રાણ બલિરૂપે, યજ્ઞના મુખ્ય ઉપાય રૂપે પ્રકૃતિના હાથમાં અર્પી દીધાં

છે. તેમના આ આત્મસમર્પણમાં એક ગુપ્ત ઉદ્દેશ્ય એ છુપાયું છે કે જતે દહાડે ચૈતન્ય પ્રાપ્ત થઈને પ્રકૃતિને પોતાના હાથમાં લઈને, અને તેને યજ્ઞની સહધર્મિણી બનાવીને પોતે યજ્ઞ સંપન્ન કરે. આ ગુપ્ત કામના પૂર્ણ કરવાને માટે છે નરનું સર્જન. નરમૂર્તિ દ્વારા તેઓ તે જ લીલા કરવા ઇચ્છે છે. નરદેહમાં નરના ચૈતન્ય દ્વારા આત્મસ્વરૂપ, અમરતા, અનંત આનંદનો વિવિધ ઉપભોગ, અનંત જ્ઞાન, અનંત શક્તિ અને અનંત પ્રેમ ભોગવવાં પડશે. પુરુષમાં પોતાનામાં આ બધા આનંદ રહેલા જ છે, પુરુષ નિજમાં સનાતન રૂપે સનાતન ઉપભોગ કરી રહ્યો છે. પરંતુ માનવને સર્જીને બહુત્વમાં એકત્વ, અંતવાનમાં અનંત, બાહ્યમાં આંતરિક, ઇન્દ્રિયમાં અતીન્દ્રિય, પાર્થિવમાં અમરલોકત્વ, એ બધા વિપરીત રસ ગ્રહણ કરવાને તે તત્પર છે.

*

આ સઘળા વેદોક્ત દેવો અર્વાચીન સામાન્ય મનુષ્ય જેમને હેય ગણે છે તે ઇન્દ્ર, વરુણ, અગ્નિ નામે નાના દેવતાઓ નથી, પરંતુ તેઓ છે ભગવાનના જ્યોતિર્મય શક્તિધર સ્વરૂપની ભિન્ન ભિન્ન મૂર્તિઓ. અને એ અમરત્વ પુરાણમાં જણાવેલું સ્વર્ગ નથી, પરંતુ વૈદિક ઋષિઓ જેની અભિલાષા રાખતા હતા તે ''સ્વર્,'' અથવા અનંતલોકની પાદપીઠ, વૈદિક અમરત્વ છે, જે છે સચ્ચિદાનંદમય અનંત સત્તા અને ચૈતન્ય.

*

### વૈદિક સાધકની યજ્ઞગતિ

આપણું આ પાર્થિવ જીવન બે ગુપ્ત સમુદ્રની વચ્ચે પ્રગટી રહ્યું છે. નિમ્ન સમુદ્ર એટલે તે ગુહ્ય અનંત ચૈતન્ય, જેમાંથી આ સૌ ભાવો અને વૃત્તિઓ, નામ અતે રૂપ, નિરંતર પળેપળે પ્રગટી રહ્યાં છે, — જેમ ભગવતી રાત્રિના ખોળામાંથી તારા નક્ષત્ર વગેરે ઝળહળી રહ્યા છે તેમ. અત્યારની ભાષામાં આને અચેતન વા અચેતન ચૈતન્ય (inconscient) કહે છે; વેદમાં તેને 'અપ્રકેતમ્ સલિલમ્', પ્રજ્ઞાહીન સમુદ્ર કહે છે. આ આ સમુદ્ર પ્રજ્ઞાહીન હોવા છતાં અચેતન નથી. તેનામાં પ્રજ્ઞાતીત વિશ્વચૈતન્ય સઘળાં પ્રકારનાં જ્ઞાનમાં જ્ઞાનસંપન્ન, સઘળાં પ્રકારનાં કર્મમાં સમર્થ બનીને આપોઆપ સંચરે છે અને જગતને સર્જે છે, તેને ગતિ અર્પે છે. ઉપર આવી રહેલું છે ગુહ્ય મુક્ત અનંત ચૈતન્ય જેને અતિચૈતન્ય (superconscient) કહેવાય, જેની આ અચેતન તેમ જ ચેતન છાયા છે. ત્યાં સચ્ચિદાનંદ જગતમાં પૂર્ણ પ્રકાશિત છે : સત્ય લોકમાં અનંત સત્‌રૂપમાં અને તપ લોકે અનંત ચિત્‌રૂપે, જનલોકમાં અનંત આનંદરૂપે અને મહર્લોકમાં વિશાળ વિશ્વઆત્માના સત્યરૂપે. મધ્યસ્થ પાર્થિવ ચૈતન્ય તે આપણી વેદોક્ત પૃથ્વી. આ પૃથ્વીમાંથી આરોહણ કરવા યોગ્ય પર્વત ગગન ભણી ઊઠે છે; તેનું પ્રત્યેક શિખર આરોહણનું એક સોપાન છે, સપ્ત લોકના એક લોકનું અંતસ્થ રાજ્ય છે. દેવતાઓ આરોહણમાં સહાયક છે, દૈત્યો શત્રુઓ છે, પથરોધક છે. આ પર્વતારોહણ જ વૈદિક સાધકની યજ્ઞગતિ છે. એ યજ્ઞની સાથે પરમલોકમાં, પરમ આકાશમાં, પ્રકાશના સમુદ્રમાં પહોંચવાનું છે. આ અગ્નિ જ આરોહણનો સાધનરૂપ છે, એ માર્ગનો નેતા છે, યુદ્ધનો યોદ્ધો છે, અને પુરોહિત છે.

(શ્રી અરવિન્દની બંગાળી રચનાઓ : પૃ. ૨૭થી ૩૦ અને ૩૭થી ૩૯)

યજ્ઞના દેવતા ભગવાન પોતે છે. ભગવાન છે શિવ. ઉમા પ્રકૃતિ છે. હૃદયના ઊંડાણમાં શિવરૂપને ધારણ કરતી હોવા છતાં પ્રત્યક્ષ રીતે ઉમા શિવ વગરની છે. શિવરૂપને પ્રત્યક્ષ રીતે પામવા માટે ઉમા તલસી રહી છે. આ શિવને પામવાનો તલસાટ વિશ્વજીવનનો નિગૂઢ અર્થ છે.

(શ્રી અરવિન્દની બંગાળી રચનાઓ : ૩૬)

# થોડાં વૈદિક પ્રતીકો

**યજ્ઞમાંનું ઘૃતમ્**

પણ યજ્ઞમાંનું **ઘૃતમ્** શું હશે ? અને છતાં વેદમાં તે શબ્દ વારંવાર તેના પ્રતીકમય અર્થમાં વપરાયો છે. દાખલા તરીકે, સ્વર્ગમાંથી ટપકતા અથવા ઈન્દ્રના ઘોડામાંથી ટપકતા અથવા મનમાંથી ટપકતા ઘૃતનો શો અર્થ હોઈ શકે ? જો તે શબ્દનો પ્રતીકમય અર્થ લેવામાં ન આવે, તો તો આ પ્રયોગો અર્થશૂન્ય બેહૂદો બબડાટ બની જાય. પરિણામે વિચારકે પોતાના મનમાંથી ઘૃતના સ્થૂળ અર્થને સંપૂર્ણપણે અથવા અંશતઃ ત્યજી દીધે જ છૂટકો. અલબત્ત, સગવડભરેલી રીતે **ઘૃત**નો અર્થ કેટલીક વાર ઘી કરવો અને કેટલીક વાર જલ કરવો, **મનસ્** શબ્દનો અર્થ કેટલીક વાર મન કરવો અને કેટલીક વાર અન્ન કે પુરોડાશ કરવો, તે તો સહેલું છે. પણ મેં જોયું કે **ઘૃત** હંમેશાં વિચાર કે મનના સંબંધમાં વપરાયું હતું, વેદમાં સ્વર્ગ મનનું પ્રતીક છે, ઈન્દ્રનો અર્થ થાય છે પ્રકાશયુક્ત બુદ્ધિ, તેના બે ઘોડા મનની બે શક્તિઓ છે, અને વેદ કેટલીક વાર ચોખ્ખા શબ્દોમાં 'બુદ્ધિની ઘી તરીકે દેવોને આહુતિ આપવી' એમ કહે છે- **ઘૃતં ન પૂતં ધિષણામ્** । (૩, ૨, ૧) શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની દૃષ્ટિએ ઘૃતનો અર્થ 'સમૃદ્ધ અથવા ઉષ્ણ તેજસ્વિતા' થાય છે.

*

**ગાયો અને ઘોડાઓની ભેટ**

**ગો** અને **અશ્વ**, ગાય અને ઘોડો હંમેશાં સાથે જ વપરાયેલાં મળે છે. **ઉષા**, પરોઢને – ઉષાને **ગોમતી** અને **અશ્વવતી**, ગાયો તથા ઘોડાવાળી વર્ણવવામાં આવી છે. ઉષા યજમાનને ગાયો તથા ઘોડા આપે છે. સ્થૂલ ઉષા **ગોમતી** છે, તે પ્રકાશનાં કિરણો આપે છે અને તે માનવ મનમાં પ્રકાશની ઉષાનું પ્રતીક છે. એટલે **અશ્વવતી** સ્થૂલ ભૌતિક ઘોડાને લાગુ કરી ન શકાય. તેનો પણ માનસશાસ્ત્રીય અર્થ હોવો જોઈએ. વૈદિક અશ્વના મારા અધ્યયને મને એવો અર્થ આપ્યો કે ગાય અને ઘોડો પ્રકાશ અને શક્તિનાં – તે બે સહચારી વિચારોનાં રૂપકો છે. તે જ વૈદિક અને વેદાન્તી મન માટે ચેતના અને શક્તિ છે, તે બે અસ્તિત્વની બધી ક્રિયાઓની બે બાજુઓ છે.

આ રીતે સ્પષ્ટ થયું કે વૈદિક યજ્ઞનાં બે મુખ્ય ફળો ગાયોની અને ઘોડાઓની સમૃદ્ધિ છે, કે જે માનસિક પ્રકાશ અને પ્રાણિક શક્તિની વિપુલતા અને સમૃદ્ધિનાં સૂચક રૂપકો છે.

(વેદનું રહસ્ય : ભાગ પહેલો : ૭૭-૭૮-૭૯)

*

**સંખ્યાઓનું રહસ્ય**

વિચારની અતિ પ્રાચીન શાખાઓની પેઠે, વૈદિક પદ્ધતિમાં પણ સાતની સંખ્યા ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. આપણે તે સંખ્યાની પુનરાવૃત્તિ સતત આવતી જોઈએ છીએ-સાત આનંદો (सप्त रत्नानि), અગ્નિની સાત શિખાઓ અથવા કિરણો (सप्त ज्वाला:, सप्त अर्चिष:), વિચાર તત્ત્વનાં સાત સ્વરૂપો (सप्त धीतय:), સાત કિરણો અથવા ગાયો, દેવોની અવધ્ય માતા અદિતિ—ગાયનાં સાત સ્વરૂપો (सप्त गाव:), પોષણ કરતી સાત ગાયો અથવા સાત માતાઓ (सप्त मातर:, सप्त घेनव:) — गो શબ્દ કિરણનો તથા નદીનો પણ વાચક છે, સાત નદીઓ, મને લાગે છે કે આ સાત-સાતનાં જોડકાં અસ્તિત્વનાં પાયાભૂત તત્ત્વોના વર્ગીકરણ પર આધાર રાખે છે.

*

વેદમાં આપણને તે તત્ત્વોની ભિન્ન ભિન્ન સંખ્યા મળે છે. એકનો પાયા રૂપે, સમગ્રનો સમાવેશ કરનાર તત્ત્વ રૂપે સ્વીકાર કરવામાં આવ્યો હતો. આ એકમાં બે તત્ત્વો હતાં — એક દિવ્ય અને બીજું માનવ, એક મર્ત્ય એને બીજું અમર્ત્ય. બધાં ભૂતોનાં માતા-પિતા ગણાતાં બે તત્ત્વોને — આકાશ અને પૃથ્વી, મન અને શરીર, આત્મા અને પ્રકૃતિને આ બેની સંખ્યા લાગુ કરવામાં આવી હતી. તે પણ ખ્યાલમાં રાખવું જોઈએ કે જ્યારે આકાશ અને પૃથ્વીને પ્રાકૃતિક શક્તિનાં બે સ્વરૂપોનું રૂપક આપવામાં આવે છે, તેમને માનસિક અને શારીરિક ચેતનાનું રૂપક આપવામાં આવે છે, ત્યારે તે પિતા-માતા નહિ, પણ બે માતાઓ બની જાય છે. ત્રણ તત્ત્વોનો સ્વીકાર બે રીતે કરવામાં આવ્યો હતો — એક સચ્ચિદાનંદ — દિવ્ય સત્તા, ચેતના અને આનંદના ત્રિવિધ તત્ત્વ રૂપે, અને બીજું મન, પ્રાણ અને શરીર - એ ત્રિવિધ ભૌતિક તત્ત્વ રૂપે, કે જેના પર વેદમાં અને પુરાણોમાં આવતા ત્રણ લોકની રચના કરવામાં આવી છે. પણ સામાન્ય રીતે સાતની પૂર્ણ સંખ્યા સ્વીકારવામાં આવી છે. ત્રણ દિવ્ય તત્ત્વોમાં ત્રણ સાંસારિક તત્ત્વો ઉમેરવામાં આવ્યાં, અને તે બેની વચ્ચે એક કડીરૂપ સાંકળનારું તત્ત્વ મૂકવામાં આવ્યું કે જે સત્યચેતનાનું (ऋतं बृहत्) તત્ત્વ હતું, જે પાછળથી વિજ્ઞાન અથવા महस् નામથી જાણીતું બન્યું. પાછલા સાતમા તત્ત્વનો અર્થ થાય છે વિશાળ, અને તેથી તે બૃહત્‌નો પર્યાય શબ્દ છે.

(વેદનું રહસ્ય : ભાગ પહેલો : ૧૨૮-૨૯)

*

**સાત નદીઓ**

વૈદિક ભાષામાં સાત નદીઓ — જળો (आप:) ને સાત પોષણ કરતી માતાઓનું અથવા ગાયોનું રૂપક આપવામાં આવ્યું છે — सप्त घेनव: आप: શબ્દનો પણ બીજો ગૂઢ અર્થ થ ાય છે, કારણ કે अप् ધાતુનો એક અર્થ થાય છે 'ગતિ કરવી' જેના પરથી જળનો અર્થ થયો; પણ તેનો બીજો અર્થ છે 'હોવું, થવું' જેના પરથી 'अपत्य બાળક' શબ્દ નીકળ્યો છે. દક્ષિણ

ભારતની ભાષામાં અપ્પા, પિતા—પણ તેમાંથી બન્યો છે. સાત નદીઓ અસ્તિત્વનાં જળો છે; જેમનામાંથી અસ્તિત્વનાં બધાં રૂપો જન્મ્યાં, તેવી તે માતાઓ છે. પણ આપણે બીજો એક શબ્દગુચ્છ જોઈએ છીએ — **सप्त गावः**, સાત ગાયો અથવા પ્રકાશો, અને **सप्तगु**, સાત કિરણોવાળો — એવું વિશેષણ પણ વપરાયેલું જોઈએ છીએ. ગાયોના અર્થ વૈદિક સૂક્તોમાં બે થાય છે — ગાયો અને પ્રકાશો, પ્રાચીન ભારતની વિચાર-પદ્ધતિમાં સત્તા અને ચેતના એકબીજા સાથે સંકળાયેલાં — એકરૂપ છે. જેમનામાંથી બધા દેવો જન્મ્યા છે, તે અદિતિ માતા — અનંત ચેતના છે. તેનાં સાત નામો અને સાત ધામો વર્ણવાયાં છે. તે સાત પ્રકાશોમાં પ્રગટ થતું મૂળ તેજ છે, અનંત ચેતનારૂપી ગાય છે. અર્થાત્ અસ્તિત્વના સપ્તવિધ તત્ત્વને એક દૃષ્ટિથી સમુદ્રમાંથી વહેતી સાત નદીઓનું રૂપક આપવામાં આવ્યું છે (**सप्त घेनवः**), અને બીજી દૃષ્ટિથી બધાનું સર્જન કરતા પિતા—સૂર્ય—સવિતાના કિરણોનું રૂપક આપવામાં આવ્યું છે.

(વેદનું રહસ્ય : ભાગ પહેલો : પૃ. ૧૫૨)

*

## પ્રકાશનાં બાળકો અને અંધકારની શક્તિઓ

વેદમાં આપણને '**ऋतं ज्योति**'. '**हिरण्य ज्योतिः**' — સત્ય પ્રકાશ, સુવર્ણમય પ્રકાશ જેવા શબ્દગુચ્છો મળે છે, જેમાંથી આપણને વધારે સૂચન પ્રાપ્ત થાય છે. મારું સૂચન એવું છે કે સૂર્ય-પ્રકાશનાં આ ત્રણ વિશેષણો — **आर्य**, **ऋत**, **हिरण्य** પરસ્પર અર્થ-પ્રકાશક છે, લગભગ પર્યાયો છે. સૂર્ય ઋતનો સ્વામી છે, એટલે તેનું તેજ **ऋतं ज्योतिः** છે. આર્ય — દેવ કે માનવ પાસે ઋતનું તેજ હોય છે, તે જ તેની આર્યતા છે. વેદમાં સૂર્યને સુવર્ણમય વિશેષણ વારંવાર લાગુ કરવામાં આવ્યું છે, હિરણ્ય એટલે ઋતનો પદાર્થ, કારણ કે તેનો પદાર્થ પ્રકાશ છે, જે સોનેરી ધન સૂર્યમાં અને સ્વર્‌નાં જળોમાં જડે છે એટલે આપણને **हिरण्य ज्योतिः** શબ્દસમૂહ પ્રાપ્ત થયો. આ સોનેરી અથવા પ્રકાશમય તેજ ઋતનો રંગ — **वर्ण** છે; આર્યો વડે જિતાયેલી ગાયોનો—પ્રકાશયુક્ત વિચારોનો વર્ણ પણ હિરણ્યમય છે (**शुक्र, श्वेत**), તે પ્રકાશનો વર્ણ છે; જ્યારે અંધકારની શક્તિ હોવાથી દસ્યુનો રંગ કાળો છે. મારું સૂચન એવું છે કે ઋતના પ્રકાશની શુભ્રતા — **ज्योतिरार्यम्** (૧૦, ૪૩, ૪) તે આર્યવર્ણ છે, જ્યોતિરગ્રાઃ— જ્યોતિ વડે દોરાતા આર્યોનો રંગ છે, અજ્ઞાન—રાત્રિનો અંધકાર પણિઓનો વર્ણ છે — દાસ વર્ણ છે. આમ વર્ણનો અર્થ સ્વભાવ, અથવા તે સ્વભાવવાળા બધા લોકો થયો, તેમાં રંગ સ્વભાવનું પ્રતીક બન્યું. (વેદનું રહસ્ય : ભાગ પહેલો : પૃ. ૨૪૮)

*

મેં જોયું કે દેવોને પ્રકાશના પુત્રો, અદિતિના—અનંતતાના પુત્રો તરીકે વર્ણવવામાં આવ્યા છે. અપવાદ વગર તેમનું એવું વર્ણન આવે છે કે તેઓ માનવની વૃદ્ધિ કરે છે, તેને પ્રકાશ લાવી આપે છે, તેના ઉપર જલની વિપુલતા-સ્વર્ગની પુષ્કળતા રેડે છે, તેનામાં સત્યની વૃદ્ધિ કરે

છે, દિવ્ય લોકોનું નિર્માણ કરે છે, બધા હુમલાઓનો સામનો કરીને તેને ધ્યેય પ્રત્યે દોરી જાય છે, તેને સમગ્ર આનંદ પ્રત્યે — સંપૂર્ણ આનંદ પ્રત્યે દોરી જાય છે. તે દેવોનાં કાર્યો પરથી, તેમનાં વિશેષણો પરથી, તેમની સાથે સંબંધિત કથાનકોના માનસશાસ્ત્રીય અર્થ પરથી, ઉપનિષદોમાં અને પુરાણોમાં આવતાં તેમનાં સૂચનો પરથી કોઈક વાર ગ્રીક પુરાણશાસ્ત્રના આડ-પ્રકાશોમાંથી હું તે દેવોનાં ભિન્ન ભિન્ન કાર્યો નક્કી કરી શક્યો. તેથી ઊલટું, તે દેવોનો સામનો કરનાર દૈત્યો હમેશાં ભેદની અને મર્યાદિતતાની શક્તિઓ છે, આવરણ કરનારા છે, ફાડી ખાનારા છે, મર્યાદિત કરનારા કારાવાસમાં પૂરનારા છે, દ્વૈત પેદા કરનારા છે, વિઘ્નો નાખનારા છે, અસ્તિત્વની નિર્મુક્ત એકરૂપ સમગ્રતાની વિરુદ્ધ કામ કરનારા છે, તેમનાં નામો જ આ હકીકત બતાવી આપે છે. અતિશયોક્તિ ભરેલી તેમની ઐતિહાસિક અર્થપદ્ધતિ અનુસાર આધુનિક મન દૈત્યોને દ્રાવિડિયન રાજાઓ અને દેવો માનવાનું વલણ અખત્યાર કરે છે, તેવા તે વૃત્રો, પણિઓ, અત્રિઓ, રાક્ષસો, શંબર, વલ અને નમુચિ નથી. તે આપણા પૂર્વજોની ધાર્મિક અને નૈતિક પ્રવૃત્તિઓને વધારે સારી રીતે સૂચવનારા, વધારે પ્રાચીન વિચારના દ્યોતક છે. ઉચ્ચતર કલ્યાણની અને નિમ્ન વાસનાની શક્તિઓ વચ્ચેના સંઘર્ષનાં તે દ્યોતક છે. ઋગ્વેદનો આ કલ્યાણ અને પાપમયતા વચ્ચેનો સંઘર્ષ ઝોરોએસ્ટરના અનુયાયીઓએ, ઓછી માનસશાસ્ત્રીય સૂક્ષ્મતા સાથે — પણ વધારે નૈતિક સીધાસટપણાથી, તેમનાં શાસ્ત્રોમાં વર્ણવ્યો છે. તે પારસીઓ આપણા પ્રાચીન પડોશીઓ અને મિત્રો હતા, ઘણેભાગે તે સિદ્ધાંત તેમણે આર્ય સંસ્કૃતિની મૂળ એકબીજાની સાધારણ સાધના પદ્ધતિમાંથી લીધો છે. (વેદનું રહસ્ય : ભાગ પહેલો : પૃ. ૮૦-૮૧)

*

(પૃ. ૧૧નું ચાલુ)

સ્પષ્ટ, અસંદિગ્ધ શબ્દોમાં ગોઠવાઈને વ્યક્ત થતી હતી. એમાં ફેરફાર થઈ શકે તેમ ન હતું. અભીપ્સાની એ જ ખાસિયત છે; એને કોઈ આકાર આપવા તમારે પ્રયત્ન કરવાનો હોતો નથી, એ એક જ્વાળાના સ્વ-રચિત રૂપમાં ભભૂકી ઊઠે છે. જો એમાં શબ્દો હોય છે (કેટલીક વાર એમાં કોઈ શબ્દો નથી હોતા) તો તેમને ફેરવી શકાય તેમ નથી હોતું. એમાંનો એક પણ શબ્દ ફેરવીને બીજો શબ્દ મૂકી શકાતો નથી, એકે એક શબ્દ બિલકુલ યોગ્ય શબ્દ હોય છે. જ્યારે અભીપ્સા પ્રગટ થાય છે ત્યારે તે બિલકુલ સ્પષ્ટ હોય છે અને એમાં ફેરફાર કરવાની શક્યતા જ હોતી નથી. (શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૧૫૭-૫૮)

# વેદોમાં દેવો અને દેવીઓ

**દેવતાઓનું આંતર મહત્ત્વ**

વેદના બધા જ દેવોને આમ ત્રણ પ્રકારનાં કાર્યો વરેલાં છેઃ બાહ્ય, આંતરિક અને અંતરતમ; તેમનાં નામો જ્ઞાત અને ગુપ્ત હોય છે. તેમના બાહ્ય સ્વરૂપે એ સઘળા ભૌતિક પ્રકારની શક્તિઓ છે; તેમના આંતરિક અર્થમાં એક ચૈતસિક ક્રિયા અને મનોવૈજ્ઞાનિક ઘટનાઓનાં કારણભૂત તત્ત્વો છે; બધાય કોઈ એક વાસ્તવિક્તાની (एकं सत्) વિવિધ સત્તાઓ છે. ભાગ્યે જ જાણી શકાય એવા આ પરમને (Supreme) વેદમાં વારંવાર 'તત્ સત્યમ્' કે 'તદ્ એકમ્' કહ્યું છે. વેદના દેવોની આ જટિલ વિશિષ્ટતા એવાં રૂપો ધારણ કરે છે કે, જેઓ તેમના પર માત્ર તેમના બહારના ભૌતિક મહત્ત્વનું આરોપણ કરે છે, તેઓ તેમને બિલકુલ સમજી શકતા નથી. આ દેવોમાંનો પ્રત્યેક પોતે એક સત્‌ની પૂર્ણ અને વિભિન્ન વૈશ્વિક વ્યક્તિતા છે અને તેમની સત્તાઓના એકત્રિતરૂપે તેઓ સંપૂર્ણ સાર્વભૌમ સત્તા બન્ને છે (वैश्वदेव्यम्). વળી પ્રત્યેક, પોતાની વિશિષ્ટ ક્રિયા ઉપરાંત, બીજાઓની સાથે એક દેવતા છે; પ્રત્યેક સાર્વભૌમ દિવ્યતા ધારણ કરે છે, પ્રત્યેક દેવ બીજા સઘળા દેવ છે. (ભારતીય સંસ્કૃતિના પાયા : પૃ. ૧૫૮)

*

**વૈદિક દેવો એ જીવંત વાસ્તવિક્તાઓ છે**

વેદના દેવો વૈશ્વિક પરમાત્માનાં નામો, શક્તિઓ, વ્યક્તિત્વો છે. તેમાંનો દરેક દેવ દિવ્ય પુરુષની તાત્ત્વિક શક્તિનો પ્રતિનિધિ છે. તેઓ વિશ્વને પ્રગટ કરે છે અને પોતે તેમાં પ્રગટ થાય છે. પ્રકાશના પુત્રો, અદિતિના – અનંતતાના પુત્રો એવા તે માનવના આત્માને બંધુ ગણે છે, સાથી ગણે છે, અને તેનામાં પોતે જાતે વૃદ્ધિ પામીને તેની વૃદ્ધિમાં સહાયક બનવાની કામના સેવે છે, જેથી તેઓ પોતાના પ્રકાશ – શક્તિ – સૌન્દર્ય વડે તેના લોક પર સ્વામિત્વ સ્થાપન કરે. દેવો માનવને દિવ્ય સાથ અને સહાય આપવા આવાહન કરે છે, તેઓ તેને પોતાના પ્રકાશયુક્ત ભ્રાતૃત્વ પ્રત્યે આકર્ષે છે અને ઊર્ધ્વીકૃત કરે છે, અંધકાર અને મોહમયતાના પુત્રો સામે તેને મદદ આપે છે અને તેની મદદ માગે છે. બદલામાં માનવ તેમને પોતાના યજ્ઞમાં બોલાવે છે, પોતાનાં વેગ તથા બળોનું સમર્પણ કરે છે, પોતાની સ્પષ્ટમયતાઓનું તથા મધુરતાઓનું સમર્પણ કરે છે. પ્રકાશમય ગાયનું દૂધ અને ઘી, આનંદની ઔષધિમાંથી વાટીને કાઢેલો સોમરસ, યજ્ઞનો અશ્વ, પુરોડાશ અને સોમ, અન્ન – એ બધું દેવમનના (ઇન્દ્રના) અશ્વોને ખાવા માટે સમર્પે છે. તે દેવોને પોતાના અસ્તિત્વમાં સ્વીકારે છે, પોતાના જીવનમાં વેદના શબ્દોમાં કહીએ તો, લુહાર જેમ લોઢાને ટીપીને ઘડે છે તેમ, તે દેવોનાં પરિપૂર્ણ રૂપોને ઘડે છે.

એક વાર આપણી પાસે ચાવી આવી જાય, એટલે આ બધાં વેદનાં પ્રતીકોને સમજવાં સહેલાં છે; પણ તેમને માત્ર રૂપકો જ ન સમજવાં જોઈએ. દેવો માત્ર ભાવવાચક વિચારોનાં

કાવ્યમય મૂર્તિકરણો નથી, અથવા પ્રકૃતિનાં માનસશાસ્ત્રીય અને ભૌતિક કાર્યોનાં મૂર્તિકરણો નથી, વેદના ઋષિઓને મન તેઓ જીવંત વાસ્તવિક્તાઓ છે. માનવ-આત્માની કટોકટીઓ માત્ર તત્ત્વોનો તથા વલણોનો વૈશ્વિક સંઘર્ષ પ્રતિબિંબિત કરતી નથી, પણ તેમના આધારભૂત, તેમના દેહરૂપ વૈશ્વિક શક્તિઓનો સંઘર્ષ છે. આ દેવો અને દૈત્યો છે. વિશ્વની તેમ જ વ્યક્તિગત આત્માની રંગભૂમિ પર તે જ પાત્રો વાસ્તવિક નાટક ભજવી રહ્યાં છે.

(વેદનું રહસ્ય — ભાગ પહેલો — ૩૨)

*

**સત્ય અને પ્રકાશનો સ્વાભાવિક દુશ્મન**

પણ તેનો સ્વાભાવિક શત્રુ દસ્યુ છે. ઋષિઓ આ વિભેદ કરનારાઓનો, લૂંટારુઓનો, ઈજા પહોંચાડનાર શક્તિઓનો, દાનવોનો, દિતિ-માતાના (ભેદ-બુદ્ધિના) પુત્રોનો અનેક નામો વડે ઉલ્લેખ કરે છે. તેઓ રાક્ષસો છે; તેમનામાં ભક્ષણ કરી જનારાઓ - ખાઈ જનારાઓ છે, વરુઓ અને ફાડી નાખનારાઓ છે; તેમનામાં હાનિ પહોંચાડનારાઓ અને દ્વેષ કરનારાઓ છે; તેમનામાં દ્વૈત-બુદ્ધિ પેદા કરનારાઓ, અવરોધ કરનારાઓ, નિંદકો હોય છે. આપણને ઋષિઓએ કેટલાંક તેમનાં ખાસ નામો પણ આપ્યાં છે. સર્પ રૂપ વૃત્ર મોટામાં મોટો શત્રુ છે, કારણ કે તે પોતાના અંધકારમય ભરડા વડે દિવ્ય વૃત્રનો વધ કરવામાં આવે છે, ત્યારે તેનામાંથી વધારે ભીષણ શત્રુઓ પ્રગટ થાય છે. શુષ્મ તેના અશુદ્ધ અને બિનઅસરકારક બળ વડે આપણને પીડે છે, નમુચિ તેની દુર્બળતાઓ વડે માનવ સાથે ઝઘડે છે, બીજાઓ પણ પોતાના વિશિષ્ટ અનિષ્ટ તત્ત્વ વડે માનવ સાધક પર હુમલો કરે છે. વળી વલ છે, પણિઓ છે — જે ઇન્દ્રિય જીવનના કંજૂસ સોદાગરો છે, ઉચ્ચતર પ્રકાશને ચોરી જઈ તેને છુપાવી રાખનારાઓ છે, જે પ્રકાશને તેઓ માત્ર અંધકારમય બનાવી શકે છે - દુરુપયોગ કરી શકે છે, જે અપવિત્ર સમૂહ પોતાના સંઘરેલા ભંડારને ઈર્ષ્યાપૂર્વક જાળવી રાખે છે, જે દેવોને યજ્ઞનું સમર્પણ કરતા નથી. આ અને બીજાં અજ્ઞાનનાં, પાપનાં, દુર્બલતાનાં, અનેક મર્યાદિતતાઓનાં વ્યક્તિત્વો — કારણ કે તેઓ મૂર્ત રૂપો કરતાં વધારે સબળ તત્ત્વો હોય છે — માનવ સાથે સતત યુદ્ધ કરે છે. તેઓ પાસે આવીને તેને ઘેરી લે છે, અથવા તેઓ દૂરથી તેના પર તાકીને બાણ છોડે છે, અથવા તેઓ તેના દ્વારયુક્ત ઘરમાં દેવોનાં સ્થાનોમાં રહે છે, અને પોતાના આકાર-હીન, બોબડું બોલતાં મુખો વડે અને પોતાના અપર્યાપ્ત બળના શ્વાસ વડે તેની આત્માભિવ્યક્તિને વિકૃત બનાવી મૂકે છે. બળવાન સહાયક દેવોની મદદથી, તેમને હાંકી કાઢવાના હોય છે, તેમનો પરાજય કરવાનો હોય છે, સંહાર કરવાનો હોય છે. તેમને નિમ્ન અંધકારમાં ફગાવી દેવાનાં હોય છે. (વેદનું રહસ્ય — ભાગ પહેલો — ૩૧-૩૨)

*

**વૈશ્વિક દેવો**

કયા દેવોને યજ્ઞની આહુતિ અપાય ? માનવમાં વધતા જતા આ દેવત્વને પ્રગટ કરવા માટે

તથા તેનું રક્ષણ કરવા માટે, કયા દેવનું આવાહન કરવાનું છે ?

પ્રથમ આવાહન અગ્નિનું કરવાનું છે, કારણ કે તેના વગર આત્માની વેદિમાં યજ્ઞની જવાળા પ્રજ્વલિત થશે નહિ. અગ્નિની જ્વાળા સંકલ્પની સપ્તવિધ જિહ્વા છે, દેવની જ્ઞાનયુક્ત શક્તિ છે. આ સચેતન અને શક્તિશાળી સંકલ્પ આપણી મર્ત્યતામાં અમર અતિથિ છે, વિશુદ્ધ પુરોહિત અને દિવ્ય કર્મોનો કરનારો છે, પૃથ્વી તથા આકાશ વચ્ચે સંદેશાવાહક દુભાષિયો છે. આપણે આહુતિઓ સમર્પીએ છીએ તેમને તે ઉચ્ચતર શક્તિઓને પહોંચાડે છે અને બદલામાં આપણી મર્ત્યતામાં તેમની શક્તિને, પ્રકાશને, આનંદને લઈ આવે છે.

બીજું આવાહન કરવાનું છે બળવાન ઇન્દ્રનું, કે જે દિવ્ય મનરૂપે સ્વયંભૂ પ્રગટેલી વિશુદ્ધ સત્‌ની શક્તિ છે. જ્ઞાનયુક્ત શક્તિના વાંસને એક છેડે અગ્નિ છે, જે પૃથ્વીમાંથી પ્રવાહને સ્વર્ગ પ્રત્યે મોકલી આપે છે; તે રીતે શક્તિયુક્ત પ્રકાશના વાંસને બીજે છેડે ઇન્દ્ર છે, જે સ્વર્ગમાંથી તે પ્રવાહને પૃથ્વી પર અવતીર્ણ કરે છે. તે આપણા લોકમાં પ્રકાશયુક્ત અશ્વો સાથે વીર તરીકે અવતરણ કરે છે, અને પોતાની વીજળીઓ વડે અંધકારનો તથા ભેદમયતાનો સંહાર કરે છે, જીવનપ્રદ સ્વર્ગીય જલોને નીચે વરસાવે છે, પ્રેરણારૂપી સરમાની પાછળ-પાછળ જઈને ખોવાઈ ગયેલી અથવા સંતાડી રાખેલી ગાયોનું પગેરું શોધી કાઢે છે, આપણા મનના સ્વર્ગમાં ઋતના સૂર્યને ઊર્ધ્વમાં પ્રકાશિત કરે છે.

અસ્તિત્વના સત્યનો, જ્ઞાનના સત્યનો, પ્રક્રિયાના સત્યનો, કાર્યગતિ-ધર્મ-કરણના સત્યનો — પરમ સત્યનો સ્વામી સૂર્ય છે. તેથી તે સર્વ વસ્તુઓનો સ્રષ્ટા અથવા પ્રસવિતા છે — કારણ કે સર્જન એટલે ઋત તથા સંકલ્પ દ્વારા કરાયેલું પ્રગટીકરણ છે, અભિવ્યક્તિ છે; તે સૂર્ય આપણા આત્માઓનો પિતા, પોષક, પ્રકાશક છે. દિવ્ય ઉષાને અનુસરતા આ સૂર્યની ગાયો તે પ્રકાશો છે, જેની આપણે શોધ કરીએ છીએ; તે સૂર્ય આપણામાં રાત્રિ વડે આચ્છાદિત એવા એક પછી એક એમ, ઉચ્ચતમ આનંદ સુધીના, સર્વ લોકોને મુક્ત કરે છે, પ્રગટ કરે છે.

તે આનંદનો પ્રતિનિધિ દેવ સોમ છે. તે આનંદનો સોમરસ પૃથ્વીની વૃદ્ધિઓમાં — ઔષધિઓમાં, અસ્તિત્વનાં જલોમાં નિગૂઢ છે. અહીં આપણા ભૌતિક અસ્તિત્વમાં પણ તેના અમર બનાવનારા રસો છે; તેમને વાટીને આપણે સર્વ દેવોને તેમનું સમર્પણ કરવાનું છે; કારણ કે સોમપાન કરીને વૃદ્ધિ પામેલા દેવો વિજયને પ્રાપ્ત કરે છે.

આ મુખ્ય દેવોમાંના દરેકની સાથે બીજો દેવ જોડાયેલો છે, જે તેના કાર્યને પરિપૂર્ણ કરવામાં મદદગાર છે. કારણ કે જો સૂર્યના ઋતને આપણા મર્ત્ય સ્વભાવમાં સુસ્થાપિત કરવું હશે, તો કેટલીક અનિવાર્ય શરતોને પૂરી કરવી પડશે. બધાં પાપોનો, વક્ર અનુતોનો સંહાર કરનાર, વિશાળ વિશુદ્ધિ અને સ્પષ્ટ વિસ્તાર - આ વરુણ દેવ છે. આપણા બધા વિચારોનો, કર્મોનો, આવેગોનો સંવાદ સ્થાપનાર, તેના પ્રત્યે લઈ જનાર, પ્રેમ તથા સમજણની પ્રકાશયુક્ત શક્તિ — આ મિત્રદેવ છે. સ્પષ્ટ વિવેચના કરનારી અભીપ્સા અને પ્રયાસની અમર શક્તિ — આ અર્યમાં છે. પાપ-સ્ખલન — દુઃખના દુઃસ્વપ્નનો નાશ કરનાર, બધી વસ્તુઓના સત્ય

ઉપભોગની સુખમય સાહજિકતા - આ ભગદેવ છે. આ ચાર સૂર્યના ઋતની શક્તિઓ છે.

*

**અશ્વિનો**

સોમનો સમગ્ર આનંદ સંપૂર્ણપણે આપણા સ્વભાવમાં સ્થાપિત થાય તે માટે, આપણાં મન-પ્રાણ-શરીરની સ્થિતિ સુખમય, પ્રકાશયુક્ત તથા અવ્યંગ હોય એ જરૂરી છે. બે જોડિયા ભાઈઓ-અશ્વિનો આપણને એ સ્થિતિ આપે છે. સૂર્યની (પ્રકાશની) પુત્રી સાથે પરણેલા, મધુરસનું પાન કરનારા, પરિપૂર્ણ સંતુષ્ટિઓ લાવનારા, રોગને તથા ખોડ-ખાંપણને મટાડનારા, તે અશ્વિનો આપણા જ્ઞાનના તથા ક્રિયાના ભાગોના અધિષ્ઠાતા બને છે, અને આપણા મન પ્રાણ-શરીરને સુકર તથા વિજયી આરોહણ માટે તૈયાર કરે છે.

*

**મરુતો**

દિવ્ય મનરૂપ ઇન્દ્રને, માનસિક રૂપોનો ઘાટ ઘડવામાં, કારીગરો એવા ઋભુઓ મદદ કરે છે. તેઓ માનવ-શક્તિઓ હતા; પણ યજ્ઞકાર્ય વડે તથા સૂર્યના પરમ ધામમાં આરોહણ કરવા વડે, તેમણે અમૃતત્વને પ્રાપ્ત કર્યું છે, અને પોતે જે સિદ્ધ કર્યું છે તે બીજા માનવો પણ કરે તે માટે તેઓ માનવ-જાતિને મદદ કરે છે. મન વડે તેઓ ઇન્દ્રના અશ્વોનું, અશ્વિનોના રથનું, દેવોનાં આયુધોનું, યાત્રાનાં તથા યુદ્ધનાં બધાં સાધનોનું નિર્માણ કરે છે. મરુતો સંકલ્પની-જ્ઞાન તંતુઓની—પ્રાણની શક્તિઓ છે, જેમણે વિચારોના પ્રકાશને તથા આત્માભિવ્યક્તિના અવાજનો પ્રાપ્ત કર્યો છે. તેઓ બધા વિચારોને તથા વાણીને વેગ આપે છે; તેઓ પરમ ચેતનાના પ્રકાશ-સત્ય-આનંદ પ્રત્યે ગતિ કરાવવા યુદ્ધ કરે છે.

*

**નારી-શક્તિઓ**

નારી-શક્તિઓ પણ છે, કારણ કે દેવ, પુરુષ તેમ જ સ્ત્રી રૂપ છે. દેવો પણ કાં તો ક્રિયાશીલ આત્માઓ હોય છે, અથવા નિષ્ક્રિય રીતે કાર્ય કરનારી, પદ્ધતિપૂર્વક વ્યવસ્થા કરનારી, શક્તિઓ હોય છે.

*

**અદિતિ અને તેની શક્તિઓ**

દેવોની અનંતમાતા, અદિતિ પ્રથમ આવે છે. વળી ઋત-ચેતનાની પાંચ શક્તિઓ છે : (૧) દિવ્ય ઉદ્‌ગમસ્થાનમાંથી બધી વસ્તુઓને આપણે માટે લઈ આવનાર, વિશાળ શબ્દ રૂપ મહી અથવા ભારતી, (૨) પોતાની ક્રિયાશીલ દર્શના આપણને આપનારી, ઋતના મૂળ બળવાન શબ્દ રૂપ ઇલા, (૩) તેના વહેતા પ્રવાહ રૂપ, પ્રેરણાના શબ્દ રૂપ સરસ્વતી, (૪) અવચેતનાની ગુફામાં ઊતરી નિગૂઢ પ્રકાશોની ખોજ કરનાર, સ્વર્ગની કૂતરી, પ્રેરણારૂપ સરમા, (૫) સત્ય રીતે વિવેક કરી, કાર્યને વ્યવસ્થિત કરનાર, યજ્ઞમાં દરેક દેવને તેનો આહુતિનો યોગ્ય ભાગ

વહેંચી આપનાર, દક્ષિણા. દરેક દેવની પણ નારી-શક્તિ હોય છે.

આકાશ રૂપી પિતા અને પૃથ્વી રૂપી માતા આપણા આ કાર્યને, સંઘર્ષને, આરોહણને ટેકો આપે છે. તે બે દેવોનાં પિતા-માતા છે; તે અનુક્રમે વિશુદ્ધ માનસિક તથા ચૈત્ય ચેતનાને ટકાવી રાખે છે. (વેદનું રહસ્ય – ભાગ પહેલો – ૩૨-૩૪)

*

**અદિતિ અને ઉષા**

ઉષાને વારંવાર ગાયોની માતા તરીકે વર્ણવવામાં આવી છે. જો તે સ્થૂલ ભૌતિક પ્રકાશનું અથવા આધ્યાત્મિક પ્રકાશનું રૂપક હોય, તો તે શબ્દગુચ્છનો અર્થ કાં તો દિવસના ભૌતિક સ્થૂલ પ્રકાશનાં-કિરણોની માતાનું અથવા તો શુભ દિવસનું અને આંતર પ્રકાશની સ્વચ્છતાઓની અને તેજની માતાનું રૂપક હોઈ શકે. પણ વેદમાં આપણે જોઈએ છીએ કે દેવોની માતા અદિતિને ગાય તરીકે અને સામાન્ય રીતે માતા તરીકે વર્ણવવામાં આવી છે; તે પરમ પ્રકાશ છે અને સઘળાં તેજો તેનામાંથી ઉદ્‌ભવે છે. માનસશાસ્ત્રીય દૃષ્ટિએ તે પરમ અથવા અનંત ચેતના છે, દેવોની માતા છે, જ્યારે દનું અથવા દિતિ[1] ભેદમય ચેતના, વૃત્રની અને બીજા દાનવોની—દેવોના તથા માનવી વિકાસના શત્રુઓની માતા છે. सप्त गाव: સામાન્ય અર્થમાં, અદિતિ શારીરિકથી માંડીને બધાં ભૌતિક ચેતનાનાં વૈશ્વિક સ્વરૂપોનું ઉદ્‌ગમસ્થાન છે; સાત ગાયો તેનાં સ્વરૂપો છે, અને તે માતાનાં સાત નામો અને સાત ધામો છે. ગાયોની માતા તરીકે ઉષા માત્ર આ પરમ પ્રકાશનું – આ પરમ ચેતનાનું, અદિતિનું રૂપ અથવા શક્તિ હોઈ શકે. આપણે તેને ૧, ૧૧૩, ૧૯મા મંત્રમાં તેને તે રીતે વર્ણવાયેલી જોઈએ છીએ – माता देवानामदितेर नीकम् દેવોની માતા, અદિતિનું રૂપ અથવા શક્તિ.

(વેદનું રહસ્ય – ભાગ પહેલો – ૧૬૦)

*

**ત્રણ દેવીઓ : સરસ્વતી, ભારતી, ઇલા**

સરસ્વતી માત્ર બીજી નદીઓ સાથે જ સંબંધિત નથી, પણ સ્પષ્ટ રીતે માનસશાસ્ત્રીય રૂપકો એવી બીજી દેવીઓ સાથે ખાસ કરીને ભારતી અને ઇલા સાથે, સંબંધિત છે. પાછળનાં પૌરાણિક પૂજાનાં રૂપોમાં, સરસ્વતી વાણીની, વિદ્યાની અને કવિતાની દેવી છે, અને તેનું બીજું નામ ભારતી આપવામાં આવ્યું છે. પણ વેદમાં ભારતી અને સરસ્વતી ભિન્ન ભિન્ન દેવીઓ છે. ભારતીને મહી (વિશાળ, મહાન) પણ કહેવામાં આવી છે. જેમાં અગ્નિ દેવોનું યજ્ઞમાં આવાહન કરે છે, તે સૂકતોમાં ઇલા, મહી અથવા ભારતી અને સરસ્વતી ત્રણેયને એક ફૉર્મ્યુલામાં સંબંધિત કરવામાં આવી છે.

---

૧. અદિતિ શબ્દ દિતિના વિરુદ્ધ અર્થનો વાચક નથી; તે બંને શબ્દો જુદા જુદા ધાતુઓમાંથી – अद् અને दि માંથી વ્યુત્પન્ન થયા છે.

इला सरस्वती मही तिस्रो देवीर्मयोभुवः ।
बर्हिः सीदन्तस्रिधः ।। (१, १३, ९)

''આનંદને જન્મ આપનારી, કદી જેમને ઠેસ વાગતી નથી તેવી, ત્રણ દેવીઓ–ઈલા, સરસ્વતી અને મહી યજ્ઞના આસન પર બિરાજો. ''अस्रिवः નો અર્થ 'જે ઈજા કરતી નથી' એવો પણ થાય. હું માનું છું કે તેનો અર્થ છે – જેમનામાં અનિષ્ટ પરિણામો નીપજાવનારી (दुरितम्) અસત્ય ગતિ નથી, જેઓ પાપ અને દોષના ખાડામાં ગબડી પડતી નથી. દશમા મંડળના ૧૧૦મા સૂકતમાં આ ફૉર્મ્યુલાનો વિસ્તાર કરવામાં આવ્યો છે.

आ नो यज्ञं भारती तूयमेतु इला मनुष्वदिह चेतयन्ती ।
तिस्रो देवी बर्हिरेदं स्योनं सरस्वती स्वपसः सदन्तु ।।

'અમારા યજ્ઞમાં વેગ પૂરતી ભારતી અને અમારી ચેતનાને (જ્ઞાનને, દર્શનોને) અહીં જાગૃત કરતી ઈલા મનુષ્યની પેઠેઃ અને સરસ્વતી ત્રણ દેવીઓ આ સુખમય આસન પર બેસો અને સારી રીતે કાર્ય કરો.'

એ સ્પષ્ટ છે અને હજી વધારે સ્પષ્ટ થશે કે આ ત્રણેય દેવીઓનાં કાર્ય સરસ્વતીની પ્રેરણાશક્તિ સાથે સંબંધિત છે. મારું સૂચન એવું છે કે સરસ્વતી સત્ય ચેતનામાંથી – ઋતમાંથી આવતો શબ્દ છે, પ્રેરણા છે. એટલે ઈલા અને ભારતી પણ તે જ શબ્દમાંથી અથવા જ્ઞાનમાંથી આવતાં તેનાં બીજાં સ્વરૂપો હોવાં જોઈએ. (વેદનું રહસ્ય – ભાગ પહેલો – ૧૨૫)

*

**સૂર્ય સાવિત્રી**

પણ આ કિરણો જેનામાંથી પ્રગટે છે, તે સૂર્ય કોણ છે ? તે ઋતનો સ્વામી છે, સૂર્ય પ્રકાશક છે, સવિતૃ સર્જક છે, પૂષા પોષણ કરનાર છે. સ્વભાવથી જ તેનાં કિરણો આંતર-દર્શનાની, આંતર પ્રેરણાની, આંતર-સંવેદનોની, પ્રકાશયુકત વિવેચના-શક્તિની પાર-માનસિક ક્રિયાઓ છે; વેદાંત જેને વિજ્ઞાન કહે છે, વેદ જેને ઋત-સત્ય કહે છે, તે પરાત્પર તત્ત્વની તે ક્રિયા છે. પણ આ કિરણો માનવી માનસમાં પણ અવતરણ કરે છે અને તેના શિખર પર પ્રકાશયુક્ત બુદ્ધિના લોકનું, ઇન્દ્ર જેનો પતિ છે એવા સ્વર્લોકનું નિર્માણ કરે છે.

કારણ કે આ વિજ્ઞાન માનવીય નહિ, પણ દિવ્ય શક્તિ છે. માનવીય મન, દિવ્ય મનની પેઠે, આત્મા-પ્રકાશવાળા ઋતનું બનેલું નથી; ઇન્દ્રિય-મન છે, જે ઋતનો સ્વીકાર કરી તેને સમજી શકે છે,[૧] પણ તેની સાથે એકરૂપ બની શકતું નથી. જ્ઞાનના પ્રકાશે આ માનવીય સમજ-શક્તિ આગળ પ્રગટ થવાનું છે; અને તે પણ એવી રીતે કે તેની શારીરિક ચેતનાની શક્તિઓ તથા મર્યાદાઓ તે જ્ઞાન-પ્રકાશને ઝીલી શકે. તે જ્ઞાન-પ્રકાશે તે મનને પોતાના સત્ય સ્વભાવ પ્રત્યે ક્રમે ક્રમે દોરી જવાનું છે, આપણા માનસિક વિકાસ માટે ક્રમિક વિકાસની

---

૧. સમજણ માટે વૈદિક શબ્દ ઘી છે, કે જે સ્વીકારે છે અને યોગ્ય સ્થાનમાં ધારણ કરે છે.

ભૂમિકાઓને પ્રગટ કરવાની છે. એટલે આપણા મનના અસ્તિત્વનું નિર્માણ કરવા માટે પ્રયત્ન કરતાં, સૂર્ય-કિરણોએ એક ઉપર બીજા — એમ ત્રણ ક્રમિક માનસ-લોકોનું સર્જન કરવાનું છે, એક તો સંવેદનામય, કલારસિક, ઊર્મિમય મન; બીજું વિશુદ્ધ બુદ્ધિ, અને ત્રીજું દિવ્ય બુદ્ધિ. મનના આ ત્રિવિધ લોકોની પરિપૂર્ણતા માત્ર સત્‌ની વિશુદ્ધ માનસિક ભૂમિકા પર જ હોય છે. (આપણી સત્‌ની સ્વાભાવિક ભૂમિકા શારીરિક ચેતના હોય છે; પણ બીજી ભૂમિકાઓ પણ આપણી સમક્ષ ખુલ્લી છે, કારણ કે આપણા સત્‌નો અંશ તે દરેકમાં જીવતો હોય છે.) તે પરિપૂર્ણતા એ ત્રણ સ્વર્ગોથી પર (तिस्रो दिवः), તેમની ત્રણ જ્યોતિર્મયતાઓ તરીકે (त्रीणि रोचनानि) પ્રકાશતી હોય છે. પણ તેમનો પ્રકાશ શારીરિક ચેતનામાં અવતરણ કરે છે અને તેના પ્રદેશોમાં પોતાને અનુરૂપ નિર્માણો કરે છે, જેમ તે વેદમાં પાર્થિવાનિ रजांसि — પ્રકાશના પાર્થિવ પ્રદેશો કહેલા છે. તે પણ ત્રણ છે — तिस्रः पृथिवीः, ત્રણ પૃથ્વીઓ છે. સૂર્ય સવિતૃ આ બધા લોકોનો સ્રષ્ટા છે.


*

સત્ય વડે સવિતૃ સ્રષ્ટા છે, પણ તે વસ્તુઓના યાંત્રિક ઉત્પાદનના — રચનાના અર્થમાં નહિ. સૂ ધાતુમાં આવેગ, વિસર્જન, બહાર મોકલવું તે — એ અર્થો રહેલા છે, કે જે અર્થો આપણે સૃષ્ટિ શબ્દમાં જોઈએ છીએ. કારણ વિચારની ક્રિયા ઉત્પાદન કરતી નથી, પણ તપ વડે બહાર પ્રગટ કરે છે; ચેતનાના દબાણ વડે પોતાના અસ્તિત્વમાં નિગૂઢ રહેલી પરાત્પર સત્યમાં વિદ્યમાન, શક્યતાને બહાર પ્રગટ કરે છે.

*

સૂર્ય ઋતના પ્રકાશો વડે મનને તથા વિચારોને આલોકિત કરે છે. તે વિપ્ર છે, પ્રકાશપૂર્ણ છે. તે માનવ વ્યક્તિના મનને તથા પરિસ્થિતિને તેની મર્યાદિત ચેતનામાંથી મુક્ત કરે છે અને તેનો વ્યક્તિત્વમાં જ માત્ર ગૂંચવાઈ રહેવાથી પેદા થયેલી સીમિત ગતિને વિસ્તૃત કરે છે. તેથી સવિતૃ બૃહત્‌-વિશાળ છે. પણ તેનો પ્રકાશ અનિશ્ચિત નથી હોતો, તેની વિશાળતા વિષય-વિષયીના ગૂંચવાડાભરેલા અને વિસર્જિત કરાયેલા દર્શનમાંથી નથી આવતી; તે પોતામાં સમગ્ર વસ્તુઓની સ્પષ્ટ વિવેચનાને ધારણ કરે છે — તે વસ્તુઓના અંશોની તથા સંબંધોની પણ. તેથી સવિતૃ વિપશ્ચિત્‌ છે, સ્પષ્ટ દર્શનાવાળા છે. (વેદનું રહસ્ય – ભાગ પહેલો – ૩૦૪-૦૭)

*



**માનવનો આત્મા અનેક સત્ત્વોથી ભરેલો લોક છે; એક રાજ્ય છે, જેમાં પરમ વિજયમાં સહાય કરનારાઓ તથા વિક્ષેપ કરનારાઓ પરસ્પર ઝગડે છે; તે એક ઘર છે, જેમાં દેવો આપણા અતિથિઓ છે અને જેનો કબ્જો લેવા માટે દૈત્યો પ્રયાસ કરી રહ્યા છે; તેની શક્તિઓની પરિપૂર્ણતા તથા અસ્તિત્વની વિશાળતા, સ્વર્ગીય યજ્ઞ માટે આસન પાથરે છે – ગોઠવે છે – વિશુદ્ધ કરે છે.**

(વેદનું રહસ્ય – ભાગ પહેલો – ૩૬)

# વેદોમાં રહેલાં મૂળભૂત સત્યો

ગૂઢવાદીઓનો સિદ્ધાંત બધી વસ્તુઓની પીઠમાં તેમ જ ઊર્ધ્વમાં એક અજ્ઞેય, કાલાતીત, અનામી તત્ત્વનો સ્વીકાર કરે છે, કે જે મનના પરિશ્રમયુક્ત અનુસરણ વડે ગ્રાહ્ય નથી થતું. બિનઅંગત રીતે, તે તે છે, એક સત્તામાત્ર છે. આપણું વ્યક્તિત્વ જ્યારે તેનું અનુસરણ કરે છે, ત્યારે તે તેની સમક્ષ દેવ તરીકે વસ્તુઓની ગૂઢતામાંથી, પોતાની જાતને પ્રગટ કરે છે. તે અનામી હોવા છતાં અનેક નામોવાળું છે. તે પોતાનામાં બધાં નામો, જ્ઞાન, બધા પ્રકારનાં રૂપો, શક્તિ, ક્રિયાના વર્ણનને ધારણ કરે છે, છતાં તે અમેય અને અવર્ણનીય છે.

દેવ મૂળ કારણ અને આખરી પરિણામ (કાર્ય) બંને છે. તે દિવ્ય સત્, લોકોનો રચયિતા, બધી વસ્તુઓનો સ્વામી અને સ્રષ્ટા, પુરુષ અને નારી-શક્તિ, સત્ અને ચેતના, સર્વ લોકોનો તથા તેમાંના નિવાસીઓનો પિતા અને માતા છે; અને છતાં તે તેમનો તેમ જ આપણો પુત્ર છે, કારણ કે લોકોમાં જન્મેલો તે દિવ્ય શિશુ પ્રાણીની માનવની વૃદ્ધિમાં પોતાની જાતને પ્રગટ કરે છે. તે રુદ્ર અને વિષ્ણુ છે, પ્રજાપતિ અને હિરણ્ય ગર્ભ છે; સૂર્ય, અગ્નિ, ઈન્દ્ર, વાયુ, સોમ, બૃહસ્પતિ, વરુણ, મિત્ર, ભગ, અર્યમા, બધા દેવો છે. તે આપણાં કાર્યોમાંથી, આપણા યજ્ઞમાંથી જન્મેલો, જ્ઞાનયુક્ત, શક્તિશાળી, મુક્તિદાતા પુત્ર છે; તે આપણાં યુદ્ધોનો વીર છે, આપણા જ્ઞાનનો ઋષિ છે, આપણા દિવસોની આગળ દોડતો શ્વેત અશ્વ છે, જે ઊર્ધ્વ સમુદ્ર પ્રત્યે ગતિ કરે છે. (વેદનું રહસ્ય – ભાગ પહેલો – ૨૩-૨૪)

**માનવ આત્માની યાત્રા**

માનવનો આત્મા પક્ષીની પેઠે, હંસની પેઠે, શારીરિક તથા માનસિક ચેતનાનાં પ્રકાશયુક્ત આકાશ-પૃથ્વીથી પર ઉડ્ડયન કરે છે; તે શરીરની, પૃથ્વીની તથા મનના દ્યુલોકની પેલે પાર, ઋતના માર્ગે આરોહણ કરતો કરતો, આપણે માટે પ્રતીક્ષા કરતા, પોતાના પરમ ધામની ગૂઢતામાં, ત્રિવિધ દિવ્ય તત્ત્વમાં તથા આનંદના સ્રોતમાં, બેઠેલા – આપણી પ્રત્યે નીચે ઝળુંબતા પરમાત્માને શોધવા માટે ઊર્ધ્વમાં આરોહણ કરે છે. તે પરમાત્મા ઊર્ધ્વમાં રહી આપણને આકર્ષતા હોય કે પછી મહાન દેવતાઓના રૂપમાં અહીં આપણને મદદ કરતા હોય, પણ તે હંમેશાં માનવના મિત્ર અને પ્રેમી છે, ગાયોના સ્વામી આભીર છે, કે જે અનંતતાની પ્રકાશયુક્ત ગાયનાં (અદિતિનાં) આંચળમાંથી આપણને મધુર દૂધ અને ઘૃત આપે છે. તે દિવ્ય આનંદના અમૃત સમાન સોમનું મૂળ ઉદ્‌ગમસ્થાન છે, તે સોમરસને તે આપણી ઉપર વરસાવે છે – રેલાવે છે; આપણે અસ્તિત્વના સપ્તવિધ જળોમાંથી અથવા અસ્તિત્વના અદ્રિ પર રહેલી પ્રકાશયુક્ત ઔષધિમાંથી વાટી કાઢેલા તે સોમરસનું પાન કરીએ છીએ અને તેના આનંદથી ઊર્ધ્વીકૃત બનેલા આપણે અમર થઈ જઈએ છીએ.

(વેદનું રહસ્ય – ભાગ પહેલો – ૨૪)

## માનવ વિશ્વનું લઘુચિત્ર

માનવ પૃથ્વી–માતાના ખોળામાં નિવાસ કરે છે, તેને માત્ર આ મર્ત્યલોકનું જ ભાન છે. પણ ઊર્ધ્વમાં પરમ પારચેતન ધામ છે; જ્યાં પ્રકાશમય ગૂઢતામાં દિવ્ય લોકો આવેલા છે.માનવની ઉપરછલ્લી જાગ્રત ચેતનાની નીચે અવચેતના તથા અચેતનતા આવી રહેલી છે, અને તે સગર્ભ રાત્રિમાંથી તે જે લોકોને જુએ છે તે જન્મે છે. તે પ્રકાશમય ઊર્ધ્વ સમુદ્ર અને અંધકારમય નિમ્ન સમુદ્રના વચગાળામાં આ બીજા લોકો અહીં આવેલા છે. પ્રાણલોકમાંથી માનવ તેનું પ્રાણિક જીવન પ્રાપ્ત કરે છે, મનોલોકમાંથી તે મનને મેળવે છે, તે સતત ગૂઢ રીતે તે લોકો સાથે સંપર્કમાં છે. તે સભાનપણે તેમાં પ્રવેશ કરી શકે, તેમાં જન્મ પ્રાપ્ત કરી શકે જો તે સંકલ્પ કરે તો. તે ઋતના સૂર્યલોકમાં પણ આરોહણ કરી શકે, પર–ચેતનના દરવાજામાં પ્રવેશ કરી શકે, પરમના ઉંબરાને ઓળંગી શકે. તેના વૃદ્ધિ પામતા આત્મા આગળ દિવ્ય દ્વારો ખુલ્લાં થઈ જશે.

માનવની બાહ્ય દૃષ્ટિ જે વસ્તુઓને બહાર હોય તેમ જુએ છે, તે બધી વસ્તુઓ તેની અંદર રહેલી છે, અને તેથી જ માનવનું આરોહણ શક્ય છે. વિષયગત વૈશ્વિક ભૂમિકાઓ તથા સીડીઓને અનુરૂપ વિષયીગત શક્તિઓ આપણામાં નિગૂઢ છે, તે આપણે માટે શક્ય અસ્તિત્વની ભૂમિકાઓ રચે છે. માનવ હજારગણો પૃથ્વીનો પુત્ર હોય, પણ આ ભૌતિક જીવન અને ભૌતિક લોકની ખૂબ મર્યાદિત ચેતનાની અનુભૂતિમાં જ રહેવા તે બંધાયેલો નથી. પૃથ્વીમાતાએ તેને જન્મ આપ્યો છે, પોતાના બાહુપાશમાં રાખ્યો છે, પણ સ્વર્ગ તેનો પિતા છે અને તેથી માનવના અસ્તિત્વ પર તેનો પણ અધિકાર છે. તે પોતાની અંદર વધારે ગહન ઊંડાઈઓ પ્રત્યે તથા ઉચ્ચતર ઊંચાઈઓ પ્રત્યે જાગ્રત બની શકે છે, અને તે રીતે જાગૃત બનવું તે તેના વિકાસનો આશય છે. તે જેમ જેમ વધારે ને વધારે ઉચ્ચ ભૂમિકાઓ પર આરોહણ કરે છે, તેમ તેમ નવા લોકો તેના જીવન તથા દૃષ્ટિ સમક્ષ ખૂલતા જાય છે અને તેની અનુભૂતિનું ક્ષેત્ર તથા તેના આત્માનું ઘર બનતા જાય છે. તે લોકોની શક્તિઓ તથા દેવો સાથે તે સંપર્કમાં આવે છે, એકતા સાધે છે અને પોતાની જાતને તેમની પ્રકૃતિના રૂપમાં ઘડે છે. આ રીતે પ્રત્યેક આરોહણ આત્માનો નવો જન્મ છે. (વેદનું રહસ્ય – ભાગ પહેલો – ૨૬-૨૭)

*

## કૂચ, યાત્રા અને સંગ્રામ

કેટલીક વાર આ યજ્ઞના પ્રતીકને યાત્રા અથવા મુસાફરી રૂપે વર્ણવવામાં આવ્યું છે; કારણ કે યજ્ઞ આગળ ગતિ કરે છે, આરોહણ કરે છે; તેનું લક્ષ્ય છે વિશાળતા, સત્ય અસ્તિત્વ, પ્રકાશ, આનંદ; તેના માર્ગને શોધી કાઢી, તે શુભ – સીધા – સુખમય માર્ગનું અનુસરણ કરવાનું છે; તે ઋતનો માર્ગ પરિશ્રમયુક્ત છે, પણ સાથે સાથે આનંદપ્રદ પણ છે. પર્વતનાં શિખરો જેવી અનેક ભૂમિકાઓ પર તેણે આરોહણ કરવાનું છે – જેમાં દિવ્ય સંકલ્પની જાજવલ્યમાન શક્તિ તેને દોરશે. તેણે અસ્તિત્વનાં જળોને, જાણે નૌકામાં બેસીને હોય તેમ, તરીને પાર કરવાનાં

છે. તે માર્ગમાં વચ્ચે આવતી નદીઓને તેણે પાર કરવાની છે, ઊંડા ખાડાઓથી તથા વેગવાળા પ્રવાહોથી બચવાનું છે; દૂર-સુદૂર રહેલા પ્રકાશના તથા અનંતતાના સમુદ્રને પ્રાપ્ત કરવો તે એ મુસાફરીનું લક્ષ્ય છે.

આ મુસાફરી સહેલી કે શાંતિમય નથી હોતી. લાંબા સમયના ગાળાઓ સુધી તે ભીષણ, કઠોર યુદ્ધ રૂપ હોય છે. આર્યમાનવે સતત મહેનત કરવી પડે છે, યુદ્ધ કરવું પડે છે, વિજય મેળવવો પડે છે. તેણે અશ્રાન્ત પરિશ્રમ કરનાર, યાત્રી, કઠોર યુદ્ધ કરનાર વીર બનવું પડે છે. તેણે એક પછી બીજાં એમ અનેક નગરો પર હુમલો કરી, બળજબરીથી તેમનાં દ્વાર ખોલી નાખવાં પડે છે, એક પછી બીજા રાજ્ય-પ્રદેશ પર વિજય મેળવવો પડે છે, એક પછી બીજા શત્રુને ઊથલાવી નાખી તેમને પગ તળે નિર્દયતાપૂર્વક કચડી નાખવા પડે છે. તેનો સમગ્ર વિકાસ દેવો તથા દૈત્યો વચ્ચેનું, દેવો તથા રાક્ષસો  વચ્ચેનું, ઇન્દ્ર અને વૃત્ર વચ્ચેનું, આર્ય તથા દસ્યુ વચ્ચેનું યુદ્ધ હોય છે. તેણે યુદ્ધ-મેદાન પર આર્ય વિરોધીઓનો પણ સામનો કરવો પડે છે, કારણ કે જૂના મિત્રો અને મદદગારો શત્રુઓ બની જાય છે; જે આર્ય રાજ્યોના રાજાઓને તે જિતવા તથા વટાવી નવા માગતો હોય છે, તેઓ દસ્યુઓ સાથે જોડાઈ જાય છે, અને તેની મુક્ત આગેકૂચમાં અવરોધ નાખવા – તેની સામે લડવા વ્યૂહ ગોઠવીને ઊભા રહે છે.

(વેદનું રહસ્ય – ભાગ પહેલો – ૩૦-૩૧)

*

મને વૈદિક ઋષિઓનો કેન્દ્રવર્તી વિચાર જડી ગયો હતો. અને તે એ હતો કે અસત્યને બદલે સત્યનું સ્થાપન કરીને, વિભાજિત મર્યાદિત અસ્તિત્વની જગ્યાએ સમગ્રતા અને અનંતતાનું સ્થાપન કરીને, જીવાત્માએ મર્ત્ય અવસ્થામાંથી અમૃતત્વની સ્થિતિમાં રૂપાંતર કરવાનું છે. મૃત્યુ પદાર્થનો વિનાશ છે અને તેમાં મન અને પ્રાણનો અંતર્ભાવ થાય છે. અમૃતત્વ અનંત અસ્તિત્વની, ચેતનાની અને આનંદની સ્થિતિ છે. માનવ બે રોદસી – સ્વર્ગ અને પૃથ્વી, મન અને શરીરની ઉપર આરોહણ કરીને સત્યની અનંતતામાં, મહસ્‌માં, અને પછી દિવ્ય આનંદમાં સ્થિતિ પ્રાપ્ત કરે છે. પ્રાચીન ઋષિઓએ આ 'મહાન માર્ગ' શોધી કાઢ્યો હતો.

(વેદનું રહસ્ય – ભાગ પહેલો – ૮૦)

*

અજ્ઞાનના અંધકારમાંથી ઋતનો વિજય એ વેદનો સાચો કેન્દ્રસ્થ વિચાર છે, અને ઋતની પ્રાપ્તિથી અમૃતત્વનો વિજય પ્રાપ્ત થાય છે. કારણ કે વૈદિક ઋતનો ખ્યાલ આધ્યાત્મિક તેમ જ માનસશાસ્ત્રીય છે. તે શરીરની પૃથ્વી-પ્રાણશક્તિના, અંતરિક્ષ-મનના સ્વર્ગથી પર, અસ્તિત્વનાં સત્ય સત્‌, સત્ય ચેતના, સત્ય આનંદ છે. આપણે પારમાનસિક ઋતની ઉચ્ચતર ભૂમિકાને પ્રાપ્ત કરવા માટે, આ બધી ભૂમિકાઓને ઓળંગીને પાર જવાનું છે, કે જે ઋતની ઉચ્ચતર ભૂમિકા દેવોનું પોતાનું ઘર છે, અમૃતત્વનો પાયો છે. (વેદનું રહસ્ય – ભાગ પહેલો – ૨૬૪-૬૫)

*

# વૃત્ત વિશેષ

**સાવિત્રી શબ્દામૃત – ૬ – પુસ્તકનો ભગવદપર્ણ સમારોહ**

સાવિત્રીભવન, ઑરોવિલ મુકામે ૨૨ નવેમ્બર, ૨૦૧૬ના રોજ ઉપર્યુક્ત સમારોહનું આયોજન સાંજે ૪-૦૦થી ૫-૩૦ દરમિયાન કરવામાં આવ્યું હતું. સમારોહનો સમારંભ શ્રી સુનિલ દાના સંગીત સાથે શ્રી માતાજીના સાવિત્રી વાચન સહિત ધ્યાન દ્વારા કરવામાં આવ્યો હતો. ધ્યાન બાદ શ્રી શ્રદ્ધાવાનજીના શુભ હસ્તે સાવિત્રી શબ્દામૃત-૬ પુસ્તક શ્રી અરવિન્દનાં ચરણકમળોમાં અર્પણ કરવામાં આવ્યું હતું. શ્રી શ્રદ્ધાવાનજીએ તે પ્રસંગે સાવિત્રીભવનની સ્થાપના અને 'The English of Savitri' ના વર્ગોની શરૂઆત કયા સંજોગોમાં થઈ હતી તેનાં સ્મરણો વાગોળતાં ગુજરાત અને સાવિત્રીભવનના વિશિષ્ટ સંબંધોની વિગતો રજૂ કરતાં શ્રી અંબાપ્રેમીજી અને ડૉ. નીરોદબરનનાં નામોનો ઉલ્લેખ કર્યો હતો. સાવિત્રી શબ્દામૃતના પ્રકાશન માંથી પોતે પ્રેરણા પ્રાપ્ત કરીને અંગ્રેજીમાં 'The English of Savitri' – ગ્રંથોના પ્રકાશનનું કાર્ય આરંભ્યું છે તેમ જણાવી શ્રી કિરીટભાઈને સંબોધીને શ્રી શ્રદ્ધાવાને જણાવ્યું હતું. 'Kiritbhai, many more volumes to come'.

સાવિત્રી શબ્દામૃતના પ્રકાશનકાર્યમાં સહભાગી થનાર શ્રી બળદેવભાઈ પટેલ તેમ જ શ્રી નીલકંઠભાઈ જોશીએ પોતાના અનુભવોનું બયાન કરતાં જણાવ્યું હતું કે 'શ્રી માતાજીની કૃપાથી સમગ્ર સાવિત્રી મહાકાવ્ય આ પ્રકાશનના માધ્યમ દ્વારા જગતને પ્રાપ્ત થાય એ માટે અમારી પ્રાર્થનાઓ છે. કાર્ય સંપન્નતા માટે શ્રી માતાજીની કૃપા થકી શ્રી શ્રદ્ધાવાન તથા શ્રી કિરીટભાઈને આરોગ્યપૂર્ણ દીર્ઘાયુ પ્રાપ્ત થાય એવી શુભેચ્છાઓ પણ બંનેએ વ્યક્ત કરી.

શ્રી કિરીટભાઈ ઠક્કરે અંતે 'કાર્ય સારી રીતે થઈ રહ્યું છે' તે બદલ સંતોષ ને આભારની લાગણી પ્રકટ કરી આ મહાયજ્ઞમાં દાન તથા કાર્ય દ્વારા સહભાગી થનાર પ્રત્યેક સાધક પ્રતિ કૃતજ્ઞતાનો ભાવ દર્શાવી, શ્રી અરવિન્દ – શ્રી માતાજીનાં ચરણકમળોમાં પ્રણામ કરી કૃપા-યાચના કરી.

સમારંભના પ્રારંભે શ્રી શ્રદ્ધાવાનજી તથા શ્રી પ્રીતિ ઘોષ (જેમનાં ચિત્રો, સાવિત્રી શબ્દામૃત શ્રેણીનાં પુસ્તકોના મુખપૃષ્ઠ ઉપર છાપવામાં આવે છે) નું પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર સમારંભનું સુચારુ સંચાલન શ્રી નીલકંઠભાઈ જોશીએ કર્યું હતું. અંતે હાજર રહેલા પચાસેક સાવિત્રીપ્રેમી સાધકોએ અલ્પાહારનો આનંદ પ્રાપ્ત કર્યો.

*

**સાવિત્રીશબ્દામૃત-૬ : મૂળ અંગ્રેજી લખાણ : શ્રી શ્રદ્ધાવાન. ગુજરાતી ભાવાનુવાદ : શ્રી કિરીટ ઠક્કર. પ્રકાશક :** યોગયુક્તા પ્રકાશન ઈ-૧૦૨, ચંદ્રનગર કૉલોની, સુવર્ણલક્ષ્મી ઍપાર્ટમેન્ટ પાસે, વાઘોડિયા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯. ફોન : (૦૨૬૫) ૨૫૧૦૦૩૮. Mob. : 09427540195 પૃષ્ઠ સંખ્યા : ૩૬૪+૨૦=૩૮૪ સારી ગુણવત્તાવાળા મેપલીથો

કાગળ ઉપર ઉત્કૃષ્ટ છાપકામ. મૂખપૃષ્ઠ : આશ્રમ કળાકાર પ્રીતિ ઘોષનું સુંદર ચિત્ર ચાર રંગમાં. સુઘડ બાંધણી. મૂલ્ય રૂા. ૧૫૦/-. (શ્રી અરવિન્દ કેન્દ્રો અને શાખાઓને યોગ્ય વળતર.)

આ પુસ્તકમાં પર્વ ૪, ૫ ને ૬નો સંક્ષિપ્ત સાર તથા પર્વ ૭, - 'યોગનું પર્વ' – ના પ્રથમ ત્રણ સર્ગની પ્રત્યેક પંક્તિનું પ્રકાશપૂર્ણ વિવરણ સમાવાયાં છે.

પુસ્તકની પ્રસ્તાવનામાં શ્રી અરવિન્દના પૂર્ણયોગની નિષ્ઠાવાન સાધિકા, વિદૂષી શ્રી જ્યોતિબહેને આ મુજબ લખી જણાવ્યું છે :

> '' 'સાવિત્રીશબ્દામૃત' દ્વારા શ્રી કિરીટભાઈએ ગુજરાતી વાચકોને માટે 'સાવિત્રી' પ્રવેશ સુલભ કરી આપ્યો છે. તેમણે શ્રી શ્રદ્ધાવાનજીના સાવિત્રી વિવરણને ગુજરાતી ભાવાનુવાદ તરીકે પ્રકાશિત કર્યું છે; પરંતુ આ માત્ર ભાવાનુવાદ જ નથી. આ શ્રદ્ધાવાનજીના જ્ઞાનનું દિવ્ય ગુજરાતી રૂપ છે, જેના દ્વારા શ્રી અરવિન્દની ચેતનામાંથી નિઃસૃત થયેલું દિવ્ય જ્ઞાન સુપાચ્ય બની વાચકના અંતઃસ્તલમાં સંક્રમિત થઈ જાય છે. આ દૈવી કાર્ય માટે ગુજરાત શ્રી કિરીટભાઈનું હંમેશાં ઋણી રહેશે.''

*

શ્રી અરવિન્દ કેન્દ્ર, વિસનગરમાં દિવ્યાંશ સ્થાપના દિન તેમ જ શ્રી અરવિન્દ - શ્રી માતાજીનાં જીવન દર્શનને લગતા કાયમી પ્રદર્શનના ઉદ્‌ઘાટન પ્રસંગે તા. ૧૨થી ૧૪ નવેમ્બર ૨૦૧૬ દરમિયાન ત્રીદિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનો પ્રારંભ ૧૨ તારીખે, સવારે ૯-૦૦ કલાકે ધ્વજવંદન બાદ કુ. ઝરણાબહેન અને વૃંદના સંગીતમય પ્રાર્થના દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કાયમી પ્રદર્શનનું ઉદ્‌ઘાટન શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ, વડોદરાના અધ્યક્ષ શ્રી પ્રમોદરાય એ. શાહના હસ્તે દીપ પ્રાકટય દ્વારા કરવામાં આવ્યું. કાયમી પ્રદર્શન તૈયાર કરનાર વડોદરાના શ્રી નરેન્દ્રભાઈ પટેલે પ્રદર્શન વિશે સુંદર માહિતીસભર રજૂઆત કરી હતી. પછી પ્રમુખ વક્તા શ્રી અશ્વિનભાઈ કાપડિયાએ 'શ્રી અરવિન્દનો જીવનયોગ' વિષય પર પોતાની અસ્ખલિત વાણીમાં રજૂઆત કરી શ્રોતાઓને ભાવવિભોર કરી દીધા હતા.

૧૩ નવેમ્બરના રોજ સવારની બેઠકમાં શ્રી પરમ પાઠકે 'મા' પુસ્તક પર પોતાનું વક્તવ્ય રજૂ કર્યું તો શ્રી નરેન્દ્ર પટેલે રાષ્ટ્રના અગ્રદૂત શ્રી અરવિન્દ વિષય પર ચિંતનાત્મક રજૂઆત કરી. બપોરની બેઠકમાં શ્રી અશ્વિનભાઈએ 'શ્રી અરવિન્દનો જીવન યોગ' વિષય પરત્વેની રજૂઆત ચાલુ રાખી હતી. ૧૪ નવેમ્બર, દેવદિવાળી કેન્દ્રમાં દિવ્યાંશ પ્રસ્થાપનનો દિવસ હોઈ પ્રાર્થના, ધ્યાન અને વક્તવ્યના વિશિષ્ટ કાર્યક્રમો થયા. શ્રી અશ્વિનભાઈ કાપડિયાએ એ પ્રસંગે શ્રી અરવિન્દ, શ્રી માતાજીનાં જીવનો વિશે સુંદર, માહિતીસભર રજૂઆત કરી.

ત્રણેય દિવસો દરમિયાન કેન્દ્રના સાધકોએ સુંદર આયોજન અને સુચારુ સંચાલનનું ઉદાહરણ પૂરું પાડયું હતું. અંતે શ્રી અરવિન્દ એજ્યુકેશન ટ્રસ્ટ, વિસનગરના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પંચાલે કાર્યક્રમોમાં ભક્તિભાવપૂર્વક ભાગ લેવા બદલ સર્વેનો આભાર માન્યો હતો.

(અહેવાલ : શ્રી મહેન્દ્રભાઈ પંચાલ)

શ્રી અરવિન્દ કેન્દ્ર જામનગરમાં ઑક્ટોબર - નવેમ્બર દરમિયાન નીચે મુજબ કાર્યક્રમોનાં આયોજનો થયાં હતાં.

**૧૨ ઑક્ટોબર**, સાંજે ૭-૩૦થી ૮-૩૦ ડૉ. ગીતા ઑરોપ્રેમીએ 'આપણા સ્વરૂપના ભાગો - વિભાગો' વિષય ઉપર વાર્તાલાપ રજૂ કર્યો હતો. **૩૧ ઑક્ટોબર**, નૂતનવર્ષ દિને સવારે ૧૦-૦૦થી ૧૦-૩૦ સમાધિ આસપાસ સમૂહધ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧ નવેમ્બર, ભાઈબીજ, જે શ્રી અરવિન્દ કેન્દ્ર, જામનગરનો સ્થાપના દિવસ છે તે નિમિત્તે સમાધિ સમીપ સમૂહધ્યાન, રિદ્ધિમંગલ તથા ધ્યાન ને પ્રાર્થના તથા વાચનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રના યુવા કાર્યકર કુ. અર્પિતા નિર્મલે 'આદર્શ કેન્દ્ર' વિષયક લેખનું વાચન કર્યું હતું. ઉપર્યુક્ત સર્વે કાર્યક્રમોમાં સાધકોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. જામનગર કેન્દ્રની સ્થાપના ૧.૧૧.૧૯૭૦ (ભાઈબીજ) ના રોજ શ્રી સુન્દરમ્‌ણા વરદ્ હસ્તે કરવામાં આવી હતી.

૨૪ નવેમ્બર સિદ્ધિદિવસ નિમિત્તે શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે 'સિદ્ધિદિવસ : એક મહાન આધ્યાત્મિક ઘટના' વિષય ઉપર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ ઘટના પ્રસંગે વર્ષ ૧૯૨૬માં ૨૪ નવેમ્બરે શ્રી માતાજી અને શ્રી અરવિન્દની હાજરીમાં ઉપસ્થિત ભાગ્યવાન ૨૪ સાધકો પૈકી શ્રી પૂજાલાલ, શ્રી ચંપકલાલ, શ્રી નલિનીકાન્ત ગુપ્ત, શ્રી અંબુભાઈ પુરાણી, શ્રી બારીન્દ્રકુમાર, શ્રી રજની પલિત, શ્રી જયાદેવી (નાની બાલા) વગેરેએ આ ઘટનાનું જે વર્ણન કર્યું છે તે લખાણો ઉપરાંત શ્રી કૃષ્ણ અને શ્રી માતાજી તથા શ્રી અરવિન્દની સુંદર છબીઓ તથા તે સમયના લાઈબ્રેરી હાઉસની છબીઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. આ ઘટના લાઇબ્રેરી હાઉસમાં બની હતી. ઘટનાનું આધ્યાત્મિક મહત્વ સમજાવતાં શ્રી અરવિન્દનાં લખાણોનો પણ સમાવેશ પ્રદર્શનમાં કરવામાં આવ્યો હતો. પ્રદર્શન શ્રી નરેન્દ્ર પટેલે તૈયાર કર્યું હતું.

### જાહેરાત

નૈનિતાલમાં મે, ૨૦૧૭માં તા. ૬ મે થી ૧૨ મે તેમ જ ૧૩ મેથી ૧૯ મે દરમિયાન બે સાધના શિબિરોનું આયોજન કરવામાં આવનાર છે. શિબિર સંચાલન પ્રો. શ્રી ભારતસિંહ ઝાલા કરનાર છે. એક શિબિરના જમવા-રહેવાના ખર્ચ પેઠે શિબિરાર્થીએ રૂા. ૭૦૦૦/-. ભરવાના રહેશે. યાત્રા ખર્ચ અલગ. ભાગ લેવા માગનાર સંપર્ક કરો. શ્રી ભારતસિંહ ઝાલા મો. ૯૪૨૬૬૯૫૧૯૮.

*

જેવી રીતે વૈદિક ગાય પ્રકાશનું પ્રતીક છે, તેવી રીતે વૈદિક અશ્વ આધ્યાત્મિક બળનું, તપસ્યાની શક્તિનું પ્રતીક છે. જ્યારે ઋષિ અગ્નિ પાસે અશ્વના રૂપવાળા, આગળ ગાયવાળા દાનની માગણી કરે છે ત્યારે તે અનેક અશ્વો અને તેમની આગળ ચાલતી અનેક ગાયોની માગણી નથી કરતો, પણ તે પ્રકાશ વડે દોરાતી આધ્યાત્મિક શક્તિની માગણી કરે છે. આપણે તેનો અનુવાદ આમ કરી શકીએ કે પ્રકાશ-ગાય તેની આગળ ચાલે છે.[૧] એક સૂક્તમાં પણિઓ પાસેથી પ્રકાશનાં કિરણોની (ગાયોની, પ્રકાશયુક્ત ધણની, ગવ્યમ્‌ની) પુનઃ પ્રાપ્તિનું વર્ણન આવે છે, તે રીતે બીજા સૂક્તમાં ઋષિ અગ્નિ પાસે અશ્વોના પ્રાચુર્યની अश्व्यम् ની માગણી કરે છે. તે રીતે ઋષિ કેટલીક વાર વીરસેવકોની યોદ્ધાઓની માગણી કરે છે, કેટલીક વાર પ્રતીક વાપર્યા વિના ભાવવાચક ભાષામાં સંપૂર્ણ વીર-શક્તિની सुवीर्यम्‌ની માગણી કરે છે, કેટલીક વાર તે પ્રતીક અને વસ્તુને સંયુક્ત કરે છે. તે રીતે ઋષિઓ પુત્રની, પુત્રોની, સંતાનની (अपत्यम्) માગણી કરે છે — તે પણ તેમના વડે મગાતી સંપત્તિનું એક અંગ છે. અહીં પણ આંતરિક અર્થ રહેલો છે, કારણ કે કેટલાક મંત્રોમાં પુત્ર એ કોઈ આંતર-જન્મનું પ્રતીક છે. અગ્નિ પોતે આપણો પુત્ર છે, આપણાં કર્મોનું સંતાન છે, જે પુત્ર વૈશ્વિક અગ્નિ તરીકે માનવના પિતાઓનો પણ પિતા છે; અને સુંદર સંતાનોરૂપી પગથિયાં પર પગ મૂકીને આપણે ઋતના ઉચ્ચતર લોકમાં જવાના માર્ગનું નિર્માણ કરીએ છીએ, તેને શોધી કાઢીએ છીએ.

(વેદનું રહસ્ય - ભાગ પહેલો - પૃ.૧૫-૧૬)

---

૧. આર્ય લોકોને 'પ્રકાશ વડે દોરાતા' વર્ણવતી વખતે ज्योतिरग्राः સમાસ વાપર્યો છે, તેને આની સાથે સરખાવો.

(વર્ષ ૦૩ : અંક ૧)
RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017
વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.